અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ મે ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૩

વર્ષ : ૧૫
અંક : ૨૯૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બે કેપ્ટન, એક ટ્રોફી બધાની નજર ફાઇનલ પર...

## ચેન્નાઈમાં આજે કોલકાતા અને હૈદરાબાદ વચ્ચે યોજાશે ફાઈનલ મુકાબલો





ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સિઝનના ફાઈનલ મુકાબલામાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદની ટક્કર થશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આ મુકાબલો યોજાશે. ફાઈનલ મેચના એક દિવસ પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટનોએ ફોટોશૂટ કરાવ્યું હતું. શ્રેયસ અય્યર અને પેટ કમિન્સ બંનેએ આઈપીએલ ટ્રોફી સાથે ચોપાટી અને રિક્ષા સાથે ફોટોશૂટ કરાવ્યું હતું.

### અસહ્ય ગરમી હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો

## લોકસભા ચૂંટણી: છઠ્ઠા તબક્કામાં ૫ વાગ્યા સુધી ૫૭.૭% મતદાન

### છઠ્ઠા તબક્કામાં સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં ૭૭.૯૯% નોંધાયું છે જ્યારે સૌથી ઓછું જમ્મુ-કાશ્મીરમાં ૫૧.૩૫% મતદાન નોંધાયું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

લોકસભા ચૂંટણી અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. પાંચ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે અને છઠ્ઠા તબક્કામાં શનિવારે મતદાન થયું હતું. આ તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૫૮ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં હરિયાણાની બધી જ ૧૦ અને દિલ્હીની બધી જ ૭ બેઠકોનો સમાવેશ થાય છે. છઠ્ઠા તબક્કામાં ૧૧ કરોડથી વધુ મતદારો કુલ ૮૮૯ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત કરશે, જેમાં ત્રણ કેન્દ્રીય મંત્રી, ત્રણ પૂર્વ મુખ્યમંત્રી અને અભિનેત્રી કંગના રણૌત સહિતના ફિલ્મ સ્ટાર્સનો સમાવેશ થાય છે. લોકસભાની સાથે ઓડિશાની ૪૨ વિધાનસભા બેઠકો પર પણ આજે મતદાન થયું હતું. અસહ્ય ગરમી હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હોય તેમ સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૫૭.૭ ટકા મતદાન નોંધાયું છે. ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા મુજબ સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં ૭૭.૯૯% નોંધાયું છે. જ્યારે સૌથી



ઓછું જમ્મુ-કાશ્મીરમાં ૫૧.૩૫% મતદાન નોંધાયું છે. સાત તબક્કાની લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને હરિયાણાની બેઠકો ઉપ રાંત ઉત્તર પ્રદેશની ૧૪, પશ્ચિમ બંગાળમાં જંગલ મહલ પ્રદેશ અને બિહારની ૮-૮, ઓડિશાની છ, ઝારખંડની ચાર અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થયું. છઠ્ઠા તબક્કામાં ૫.૮૪ કરોડ પુરુષો અને ૫.૨૯ કરોડ મહિલાઓ સહિત કુલ ૧૧.૧૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ માટે ચૂંટણી પંચે કુલ૧.૧૪ લાખ મતદાન મથકો પર ૧૧.૪ લાખ પોલિંગ અધિકારીઓ નિયુક્ત કર્યા હતા. ચૂંટણી પંચના આંકડા પ્રમાણે બપોરે ૩ વાગ્યા સુધી ૫ બંગાળમાં ૭૦.૧૯% નોંધાયું હતું, જ્યારે ઉત્તરપ્રદેશમાં સૌથી ઓછું ૪૩.૯૫% નોંધાયું. સરેરાશ મતદાનની વાત કરીએ તો એક વાગ્યા સુધીમાં ૪૯.૨૦% મતદાન નોંધાયું હતું. જો કે ભારે ગરમી વચ્ચે પણ મતદારોનો ઉત્સાહ ઊંચો જોવા મળ્યો હતો. મહેન્દ્ર સિંહ ધોની પણ મતદાન કરવા આવ્યો હતો. ચૂંટણી પંચે ટ્વિટ કરીને આપી જાણકારી આપી હતી. ગાંધી પરિવારે કર્યું મતદાન, વોટિંગ બાદ રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધીએ પણ મતદાન કર્યું હતું. તેમણે મતદાન કર્યા બાદ કહ્યું હતું કે અમે બંધારણ અને લોકશાહી માટે મતદાન કર્યું છે. રાહુલ ગાંધી દ્વારા આપ અને કેજરીવાલ દ્વારા કોંગ્રેસને વોટ આપવા અંગેના સવાલ પર તેમણે કહ્યું કે મને આ વાત પર ગર્વ છે.

### મોદીએ પટનાની રેલીમાં INDIA ગઠબંધન પર આકરા પ્રહાર કર્યા

## AAPના આકાની પત્ની પણ પીએમ પદના દાવેદાર : મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, INDIA ગઠબંધનના તમામ પરિવારવાદી સાથે મળીને વડાપ્રધાનની ખુરશીને લઈને મ્યુઝિકલ ચેર રમવા માંગે છે

। (એજન્સી) પટના, તા.૨૫ ।

લોકસભા ચૂંટણીનું શનિવારે મતદાન થયું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના પટનામાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. તેમણે I.N.D.I.A. ગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે, તેમનો (I.N.D.I.A. ગઠબંધન) ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં પાંચ પીએમ આપવાનો છે. આ યોજના હેઠળ ગાંધી પરિવારના દીકરાથી લઈને આમ આદમી પાર્ટી (AAP)ના આકાની પત્ની સુધીનું નામ પીએમ મદની રેસમાં સામેલ છે. પટનામાં જાહેર સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'I.N.D.I.A. ગઠબંધનના તમામ પરિવારવાદી સાથે મળીને વડાપ્રધાનની ખુરશીને લઈને મ્યુઝિકલ ચેર રમવા માંગે છે. એલઈડીના જમાનામાં બિહારમાં અહીં પણ ફાનસ પણ છે. પરંતુ આ એક એવો ફાનસ છે, જે ફક્ત એક જ ઘરને પ્રકાશિત કરે છે. આ ફાનસથી બિહારમાં અંધકાર ફેલાયો છે.' નોંધનીય છે કે, આરજેડીનું ચૂંટણી ચિન્હ ફાનસ છે. વિપક્ષ પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ચૂંટણી પરિણામોને લઈને એક્ઝિટ પોલ આવવા લાગ્યા છે. તમે સમજો



છો, જ્યારે આ I.N.D.I.A. ગઠબંધન લોકો હંમેશા ઈવીએમના વિરોધમાં બોલતા હતા. મતલબ કે એનડીએની સફળતાનો એક્ઝિટ પોલ આવી ગયો છે. ચોથી જૂને પાટલીપુત્ર અને દેશમાં પણ નવો રેકોર્ડ બનશે.' છઠ્ઠા તબક્કાના મતદાનનો ઉલ્લેખ કરીને તેમણે લોકોને મતદાન કરવાની અપીલ પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'બિહારની આ ધરતીએ સામાજિક ન્યાયને લઈને સમગ્ર દેશને દિશા બતાવી છે. મેં બિહારમાં એસસી-એસટી-ઓબીસીના આરક્ષણના અધિકાર માટે લાંબી લડાઈ લડી છે, પરંતુ આજે હું બિહારના જાગૃત લોકો સમક્ષ દુઃખ અને ભારે દર્દ સાથે એક કડવું સત્ય રજૂ કરી રહ્યો છું.

### ન્યૂઝ બ્રિફ

### લોકોએ કાયદો હાથમાં લઈને પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૫ ।

કર્ણાટકના દાવણગેરે જિલ્લાના ચન્નાગિરીમાં આદિલ નામના એક વ્યક્તિનું પોલીસ સ્ટેશનમાં મૃત્યુ થયા પછી હિંસક ભીડે પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરી હતી. આ સિવાય પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો અને ઘણા વાહનોને આગ પણ લગાડવામાં આવી હતી. આ ઘટના શનિવાર રાતની છે. પોલીસે કહ્યું કે આદિલની જુગારના મામલામાં સંડોવણી બહાર આવી હતી. તેના પગલે તેની ૨૪ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે તેનું સ્વાસ્થ્ય બગડી ગયું અને પોલીસ સ્ટેશનમાં તેનું મૃત્યું થયું હતું. આદિલના મૃત્યુના સમાચાર ફેલાતા જ તેના સંબંધીઓ લોકોના મોટા જૂથ સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને હંગામો મચાવ્યો. ટોળાએ પોલીસના વાહનોને નુકસાન પહોંચાડ્યું હતુ અને પથ્થરમારો કર્યો હતો. પોલીસે ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો. આદિલના સંબંધીઓએ આરોપ લગાવ્યો હતો કે તેનું મોત પોલીસ કસ્ટડીમાં ત્રાસને કારણે થયું છે.

### આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી

## સુપ્રીમ કોર્ટે મણિપુર હિંસા કેસમાં તિરસ્કારની અરજી ફગાવી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

મણિપુર હિંસા કેસ મામલે જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની વેકેશન બેન્ચે નિષ્કર્ષ આપ્યો કે આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી, જેમાં મણિપુરના મુખ્ય સચિવ પણ સામેલ છે. અરજદારોને કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય કાનૂની ઉપાયો શોધવાની સલાહ આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે ભાવનાઓના આધારે કામ કરી શકે નહીં અને તેણે કાયદા મુજબ કામ કરવું પડશે. કોર્ટે મણિપુર હિંસાથી વિસ્થાપિત થયેલા લોકોની સંપત્તિના રક્ષણ અંગેના સર્વોચ્ચ અદાલતના આદેશનું કથિત પાલન ન કરવા



બદલ તિરસ્કારની કાર્યવાહીની માંગ કરતી અરજીને ધ્યાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયમૂર્તિ બેલા એમ ત્રિવેદી અને પંકજ મિત્તલની ખંડપીઠે જણાવ્યું હતું કે તે દલીલથી સંતુષ્ટ નથી કે મણિપુરના મુખ્ય સચિવ સહિત પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ કરવામાં આવ્યો છે અને અરજદારો કાયદા હેઠળ ઉપલબ્ધ ઉપાયોનો આશરો લઈ શકે છે. સુનાવણી દરમિયાન, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની વેકેશન બેન્ચે તારણ કાઢ્યું હતું કે આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી, જેમાં મણિપુરના મુખ્ય સચિવ પણ સામેલ છે. અરજદારોને કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય કાનૂની ઉપાયો શોધવાની સલાહ આપ વામાં આવી હતી. મણિપુરનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ બેન્ચ સમક્ષ દલીલ કરી હતી કે રાજ્ય સરકાર અને કેન્દ્રીય અધિકારીઓ જાહેર ચિંતાઓને દૂર કરવા અને વ્યવસ્થા જાળવવા માટે સક્રિય રીતે જમીન પર રોકાયેલા છે.

### છત્તીસગઢની સૌથી મોટી ગનપાઉડર ફેક્ટરીમાં આગ

। રાયપુર, તા.૨૫ ।

છત્તીસગઢની સૌથી મોટી ગનપાઉડર ફેક્ટરીમાં શનિવારે સવારે બોમ્બ બ્લાસ્ટ થયો હતો. તે પછી જોત જોતામાં ફેક્ટરીમાં આગ ફાટી નીકળી હતી. આગ લાગવાની ઘટના બેમેતરા જિલ્લાથી ૭૦ કિલોમીટર દૂર બોરસી નામના ગામમાં થઈ છે. ઘટનાના પગલે હાલ લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.બીજી તરફ ઘટનાની માહિતી મળતા જ ફાયર વિભાગની અનેક ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

### ચૂંટણીના દિવસે EVM આવ્યો ચર્ચામાં

## EVM ક્યાંક બગડ્યું તો ક્યાંક ભાજપનો ટેગ મળ્યાની ચર્ચા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં રાજધાની દિલ્હીથી લઈને પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીરના અનંતનાગ-રાજૌરી અને ઓડિશાની પુરી સીટ સુધી મોટાભાગની બેઠકો પર મતદાન દરમિયાન ઈવીએમ ખોટકાયાની ફરિયાદો સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. રાજધાની દિલ્હીમાં આમ આદમી પાર્ટીનું કહેવું છે કે મતદાન ધીમી ગતિએ ચાલી રહ્યું છે. કેજરીવાલે કહ્યું કે ચૂંટણી પંચે સુનિશ્ચિત કરવું જોઈએ. આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ પણ કહ્યું કે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં મતદાન ધીમું છે. ચાંદની ચોકનો દિલ્હી ગેટ વિસ્તાર મુસ્લિમ પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે. અહીંના મતદાન મથક પર લાંબી લાઈનો જોવા મળી રહી છે અને EVM છેલ્લા ૨ કલાકથી બગડેલું છે.

મુસ્લિમ મહિલા મતદારોનું કહેવું છે કે તેઓ મોંઘવારી, મહિલા સુરક્ષા અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર મતદાન કરી રહી છે. લોકો વર્તમાન સાંસદ અને સરકારથી નાખુશ છે. સાથે જ પુરુષ મુસ્લિમ મતદારોનું પણ કહેવું છે કે બેરોજગારી સૌથી મોટો મુદ્દો છે અને તેઓ મોંઘવારીથી ખૂબ જ ચિંતિત છે.

## સોનિયા ગાંધી, પ્રિયંકા અને રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીને જ વોટ નથી આપી શક્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કાનું મતદાન થયું. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે.

## રામ મંદિરમાં VIP અને VVIP પણ મોબાઈલ ફોન નહીં લઈ જઈ શકે

। (એજન્સી) અયોધ્યા, તા.૨૫ ।

સામાન્ય માણસ હોય કે પછી કોઈ ખાસ, હવે રામ મંદિરમાં કોઈ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. રામ મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્રની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય ભક્તો માટે મોબાઈલ ફોન લઈ જવા પર પહેલાથી જ પ્રતિબંધ હતો. હવે VIP અને VVIP પણ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં.

એવો દાવો કરવામાં આવ્યો છે કે પરિસરમાં મોબાઈલ ફોનની મંજૂરી ન હોય તેની ખાતરી કરવા માટે કડક દેખરેખ રાખવામાં આવશે. આ નિર્ણયને તે ઘટના સાથે જોડવામાં આવી રહ્યો છે જેમાં રામ મંદિરના સ્તંભમાં તૂટેલી મૂર્તિનો ફોટો વાયરલ થયો હતો. જો કે, ટ્રસ્ટનું કહેવું છે કે સુરક્ષાના કારણોસર પરિસરમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પ્રાણ પ્રતિષ્ઠા બાદથી રામ મંદિરમાં ભક્તો કોઈપણ પ્રતિબંધ વિના મોબાઈલ ફોન લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ થોડી કડકતા લાદવામાં આવી હતી અને સામાન્ય ભક્તો પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દરમિયાન ટ્રસ્ટે સરળ અને વિશિષ્ટ દર્શનની વ્યવસ્થા શરૂ કરી હતી. આ અંતર્ગત સ્પેશિયલ પાસ ધરાવતા લોકોને મોબાઈલ ફોન સાથે રાખવાની છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત વીઆઈપી અને વીવીઆઈપી માટે મોબાઈલ ફોન લઈ જવા પર પણ છૂટ આપવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### સુરત કોર્ટે કામકાજ સમયે કર્મચારીઓ પર મોબાઈલ ફોનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરત કોર્ટના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે તાજેતરમાં જ તેના કોર્ટ સ્ટાફ દ્વારા કામકાજના કલાકો દરમિયાન મોબાઈલ ફોનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો.કોર્ટ દ્વારા ૧૫મી મેના રોજ આ અંગેનો એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે કોર્ટ બિલ્ડિંગ તેમજ અન્ય શાખાઓમાં કામ કરતા કર્મચારીઓએ ઓફિસ સમય દરમિયાન કોર્ટ રજિસ્ટ્રાર અથવા તેમના વિભાગના વડાઓને તેમના ફોન સરેન્ડર કરવા જરૂરી છે. પરિપત્રમાં હાઈકોર્ટના પત્રનો ઉલ્લેખ કરતા જણાવાયું છે કે સુરત જિલ્લા કોર્ટ અને તેની ગૌણ અદાલતોમાં કામ કરતા કર્મચારીઓ દ્વારા કામના કલાકો દરમિયાન ફોનનો ઉપયોગ કરવા સામે અગાઉ ચેતવણી આપવામાં આવી હતી. જો કે, પરિપત્રમાં જણાવાયું છે કે કેટલાક કોર્ટ કર્મચારીઓ હજુ પણ ઓફિસ સમય દરમિયાન તેમના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા જોવા મળે છે જે કોર્ટની કાર્યવાહીમાં વિક્ષેપ પાડે છે અને કામની ગુણવત્તાને અસર કરે છે.પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવા માટે કોર્ટના પ્રિસાઈડિંગ અધિકારીઓને સ્ટાફને જરૂરી સૂચનાઓ આપવામાં આવે તેની ખાતરી કરવા પણ કહેવામાં આવ્યું છે.

### રાજકોટના બિલ્ડર સાથે ૩.૨૬ કરોડ રૂપિયાની ઠગાઈ

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના એક રિયલ એસ્ટેટ ડેવલપર પર એક વ્યક્તિને રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં વધુ વળતર આપવાનું વચન આપીને ૩.૨૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ મૂકાયો છે. અર્જુન મઠિયાએ બંધુલીલા ડેવલપર્સના સંચાલક સંજય ડોબરિયા અને તેની પત્ની જ્યોત્સના ડોબરિયા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમની પર બનાવટી, વિશ્વાસઘાત અને છેતરપિંડીનો આરોપ છે . મઠિયાની ફરિયાદ મુજબ, તેણે અને તેની માતાએ બાંધકામ હેઠળના પ્રોજેક્ટમાં ૧૨ ફ્લેટ અને ચાર દુકાનોમાં રોકાણ કરવા માટે દંપતીને ૩.૨૬ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. જો કે, તેઓને વચન મુજબ મિલકતોનો કબજો મળ્યો ન હતો. મઠિયા રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાના વ્યવસાયમાં છે, તેઓ ૨૦૨૧માં મોરબી રોડ પર 'આર્યન એવન્યુ' નામની અન્ડર-કન્સ્ટ્રક્શન સ્કીમની મુલાકાત લેતા દંપતીને મળ્યા હતા. દંપતીએ મઠિયાને કહ્યું કે તેઓ બંને પ્રોજેક્ટમાં ભાગીદાર છે અને સારા વળતરનું વચન આપીને તેમને તેમાં રોકાણ કરવા સમજાવ્યા.

### ડીસામાં સરકારી કચેરીમાં પાણી પીવા માટે વલખા મારવાની સ્થિતિ સર્જાઈ

। (એજન્સી) ડીસા, તા.૨૫ ।

બનાસકાંઠાના ડીસામાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી પહોંચ્યો હતો. બનાસકાંઠાના ડીસામાં સરકારી કચેરીમાં પાણી પીવા માટે વલખા મારવાની સ્થિતિ સર્જાઈ છે. પાણીને ઠંડુ કરવાની મશીન બગડેલુ હોવાથી વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડે છે. બનાસકાંઠાના ડીસામાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી પહોંચ્યો હતો. બનાસકાંઠાના ડીસામાં સરકારી કચેરીમાં પાણી પીવા માટે વલખા મારવાની સ્થિતિ સર્જાઈ છે. પાણીને ઠંડુ કરવાની મશીન બગડેલુ હોવાથી વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડે છે. જનસેવા કેન્દ્રમાં રોજ ૩૦૦થી ૪૦૦ વિદ્યાર્થીઓ આવે છે પરંતુ પાણીનો અભાવ છે. કાળઝાળ ગરમીમાં વિદ્યાર્થીઓના પાણી માટે વલખા મારવા પડે છે.



અરોવા ફાઉન્ડેશન અને સ્વાસ્થ્ય ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના જવાનો તથા TRB જવાનોની આંખોની સુરક્ષા માટે સનગ્લાસ આપવામાં આવ્યા. આ કાર્યક્રમમાં DCP શ્રી ટ્રાફિક વહીવટ, DCP ટ્રાફિક પૂર્વ, ACP શ્રી A અને D ડિવિઝન તથા PI શ્રીઓ અને પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### વડોદરામાં અમદાવાદના વેપારીએ આપઘાત કર્યો

। (એજન્સી) વડોદર,તા.૨૫ ।

વડોદરામાં અમદાવાદના વેપારીએ આપઘાત કર્યો છે. કોરોનાના કારણે પાયમાલ થઈ જવાના પગલે તેણે આત્મહત્યા કરી છે. અમદાવાદના વેપારીએ વડોદરાની તુલીપ હોટેલમાં આત્મહત્યા કરી હતી. આત્મહત્યા કરનારા વેપારી અમદાવાદમાં બોપલ વિસ્તારમાં રહેતા હતા. વેપારીએ આત્મહત્યા કરતાં પહેલા સ્યુસાઈડ નોટ લખી હતી. બોપલમાં હાર્મની એવલ વૂડલ ટાઉનશિપ માં રહેતા મહાવીરસિંહ સરવૈયાએ વડોદરાની હોટેલમાં આત્મહત્યા કરી હતી. મહાવીરસિંહ સરવૈયા ૨૧ મેના રોજ તુલીપ હોટેલમાં ૧૦૬ નંબરના રૂમમાં રોકાયા હતા. મહાવીરસિંહ સરવૈયાએ ૧૦ પાનાની સ્યુસાઈડ નોટ લખીને હોટેલના રૂમમાં પંખાના હૂક પર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.હોટેલના કર્મચારીઓએ દરવાજો ખખડાવતા અંદરથી દરવાજો ન ખૂલતા મેનેજર રોહિતભાઈ પટેલે મંજુસર પોલીસને જાણ કરી હતી.

#### અકસ્માતની ઘટના સામે આવી

## જામનગરમાં બે યુવાનોને બાઈક સ્ટન્ટ મોંઘા પડ્યા

### મોટીબાણુગાર ગામના પાટીયા પાસે બાઈક ડિવાઈડર સાથે ટકરાઈ જતાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે

। (એજન્સી) જામનગર,તા.૨૫ ।

રાજકોટ ધોરી માર્ગ પર બેડી વિસ્તારના બે યુવાનોને બાઈક રેસિંગનો સ્ટંટ કરવો ભારે પડ્યો છે. મોટીબાણુગાર ગામના પાટીયા પાસે બાઈક ડિવાઈડર સાથે ટકરાઈ જતાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે અને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરના બેડી વિસ્તારમાં રહેતા અલ્તાફ કાસમભાઈ સફાયા (ઉંમર વર્ષ ૨૦) તેમજ અજીમ જાફરભાઈ સફાયા ઉંમર વર્ષ ૨૨) કે જેઓ બંને ગઈકાલે જામનગર થી રાજકોટ રોડ પર પોતાનું જીજે ૧૦ ડી. કયુ. ૨૮૦૬ નંબરનું બાઈક લઈને જઈ રહ્યા હતા, અને તેઓ બાઈક પર રેસિંગ કરીને સ્ટંટ કરી રહ્યા હતા. બંનેનું બાઈક મોટીબાણુંગાર ગામના પાટીયા પાસે મોડી રાત્રે ડિવાઈડર સાથે ધડાકા ભેર અથડાઈ પડ્યું હતું.

બંને યુવાનોને માથામાં ગંભીર ઈજા થવાથી લોહીલુહાણ થતાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંને હાલ આઈ.સી.યુ. વિભાગમાં સારવાર હેઠળ છે,

જેમાં અજીમ ની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. આ અકસ્માતના બનાવની જાણ થતાં પંચકોષી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો છે અને સમગ્ર બનાવ બાબતે વધુ તપાસ હાથ ધરી છે.

### સુરતના માનદરવાજા પાસે ૩૭ વર્ષીય યુવકનું કરંટ લાગતા મોત

। (એજન્સી) સુરત,તા.૨૫ ।

સુરતના માનદરવાજા પદ્માનગર ગલીમાં ૩૭ વર્ષીય યુવકને કરંટ લાગતા બેભાન પડી ગયો હતો, જેથી તેને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પીટલ ખાતે ખાસેડવામાં આવ્યું હતું જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા. સુરતમાં સુરતના માનદરવાજા પદ્માનગર ગલી નંબર ૧૯માં ૩૭ વર્ષીય ઝાકીર રશીદ શેખને વીજ કરંટ લાગવાને લઈ મોત નિપજ્યુ હતુ. યુવક પોતાના ઘરના દાદર પર રાખેલી લોખંડની જાડી ઉચકવા જતા ત્યાં લાગેલા ટોરેન્ટ પાવરનો વાયર અડી જતા કરંટ લાગ્યો હતો, વીજ કરંટ લાગવાને લઈ તે બેભાન થઈ ગયો હતો. સ્થાનિકો દ્વારા ૧૦૮ની ટીમને ઘટના અંગે જાણ થતા સ્થળ પર પહોંચી બેભાન જણાતા યુવકને સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

## USથી અમદાવાદના વૃદ્ધની સોપારી અપાઈ, અદાવતમાં કરાઈ હત્યા

### મૃતક શંભુભાઈનાં દીકરા ભરત પટેલે દેત્રોજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ફરિયાદને આધારે દેત્રોજ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ જિલ્લાના દેત્રોજના ઓઢવ ગામમાં થોડા દિવસ પહેલા એક મારામારી અને હત્યાનો બનાવો સામે આવ્યો હતો. મૃતક વૃદ્ધને પગમાં તિક્ષ્ણ હથિયારોના ઘા મારી ઈજાગ્રસ્ત કરવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન વૃદ્ધનું મોત થતા સમગ્ર મામલો હત્યામાં ફેરવાયો હતો. દેત્રોજ પોલીસે વૃદ્ધને માર મારી હત્યા નિપજાવનાર ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતાં વૃદ્ધની હત્યા પાછળનું જે કારણ સામે આવ્યું છે તેને લઈને પોલીસ પણ ચોકી ઉઠી હતી. વાત છે અમદાવાદ જિલ્લાના દેત્રોજના ઓઢવ ગામની. કે જ્યાં ૭૦ વર્ષના શંભુભાઈ પટેલ નામના વ્યક્તિને ગત તારીખ ૧૭ મે ના રાત્રિના તેઓ પોતાની દુકાન બહાર સુતા હતા. ત્યારે અજાણ્યા લોકોએ પગ પર લાકડી અને ધારિયાના ઘા મારી ઈજાગ્રસ્ત કર્યા હતા. જેમાં સારવાર દરમ્યાન વૃદ્ધ શંભુભાઈનું મોત નીપજ્યું હતું. મૃતક શંભુભાઈનાં દીકરા ભરત પટેલે દેત્રોજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ફરિયાદને આધારે દેત્રોજ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આજથી એકાદ વર્ષ પહેલા જ્યારે શંભુભાઈ પોતાની કરિયાણાની દુકાનમાં હતા. ત્યારે તેમની દુકાન સામે આવેલા રામજી મંદિરમાં તેજ ગામનો સૌરભ પટેલ નામનો યુવક ચંપલ પહેરી મંદિરની અંદર જતો હતો ત્યારે તેને રોક્યો હતો. જે બાદ સૌરભ પટેલે સમગ્ર ઘટનાની વાતચીત તેના ભાઈ રવિ ઉર્ફે ખજુરીને કરી હતી. ત્યારે રવિએ સૌરભને મોકો મળે ત્યારે શંભુભાઈના પગ ભાંગી નાખવાની વાત કરી હતી. જોકે સમગ્ર ઘટનાને એક વર્ષ જેટલું થઈ ગયા બાદ રવિ ઉર્ફે ખજુરી હાલ જી રહે છે. ત્યાંથી જ રવિએ તેના ગામ અને આસપાસના અમુક પરિચિત લોકોને શંભુભાઈના પગ ભાંગી તેને ઈજાગ્રસ્ત કરવાની સોપારી આપી હતી. જેથી ૧૭ મેના દિવસે શંભુભાઈ પોતાની દુકાન બહાર સુતા હતા. ત્યારે આરોપીઓએ શંભુભાઈના પગ પર લાકડી અને ધારિયા વડે હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતા અને સારવાર દરમિયાન શંભુભાઈનું મોત નીપજ્યું હતું.

#### ઘરમાં ત્રીજા બાળકની કિલકારી ગુંજી

## અમરેલીમાં ભાજપના બે કાઉન્સિલરોનું પદ છીનવાયું

### દામનગર નપાના ભાજપના બંને કાઉન્સિલરોના પરિવારના ઘરે ત્રીજા સંતાનના આગમનથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરાઈ

। (એજન્સી) અમરેલી, તા.૨૫ ।

અમરેલીની દામનગર નગર પાલિકાના ભાજપના બે નગર સેવકોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. દામનગર પાલિકાના વોર્ડ નંબર બે અને વોર્ડ નંબર ત્રણના એક-એક સદસ્ય સંતાનોની ખોટી માહિતી આપવા માટે ગેરલાયક ઠેરવાયા છે. કાન્સિલર ખીમાભાઈ દાનાભાઈ કસોટીયા અને મેઘનાબેન અરવિંદભાઈ બોખાને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.




બંને સદસ્યોને ત્યાં ત્રીજા બાળકનો જન્મ થતા તેમના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. આ બંને કાઉન્સિલર ભાજપના છે. અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા તેમને ગેરલાયક ઠેરવવાનો હુકમ કરવામાં આવ્યો છે. ભાજપના નેતા ખીમા કસોટિયા અને મેઘના બોખા અમરેલીના દામનગર નગર પાલિકાના કાઉન્સિલર છે. બંનેને તાત્કાલિક અસરથી કલેક્ટર દ્વારા અયોગ્ય જાહેર કરાયા છે. બંને કાઉન્સિલરના ઘરમાં ગત વર્ષે જ ત્રીજા સંતાનનું આગમન થયું હતું. નિયમો અનુસાર, ગુજરાતના નગરપાલિકાના કાયદા અનુસાર, ત્રણ બાળકો ધરાવતા કાઉન્સિલર પાલિકાની ચૂંટણી લડી શકતા નથી. આ જ કારણે બંનેના પરિવારના ઘરે ત્રીજા સંતાનના આગમનથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામા આવી છે.

ગેરલાયક ઠર્યા બાદ ખીમા કસોટીયાએ કહ્યું હતું કે 'મને બે બાળકના નિયમ અને કાયદાની ખબર નહોતી. જો કાઉન્સિલર બન્યા પછી ત્રીજું બાળક જન્મે તો ગેરલાયકાતની કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. તો કાઉન્સિલર મેઘના બોખાના પતિ અરવિંદ બોખાએ કહ્યું હતું કે, તેઓ કલેક્ટરનો આદેશ સ્વીકારે છે.' આ ઉપરાંત કલેક્ટરના આદેશ સામે સવાલ ઉઠાવતા તેમણે જણાવ્યું હતું કે, 'પાલિકાના સભ્ય તરીકે ફરજ બજાવતા ત્રીજું બાળક જન્મે તો કાઉન્સિલરને અસર ન થવી જોઈએ. જો એવો કોઈ નિયમ છે જે કોઈને ત્રીજા બાળકના માતા પિતા બનવા માટે અયોગ્ય ઠેરવે છે, તો અમે તેની વિરુદ્ધ કોર્ટમાં જઈશું નહીં.'

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે, તેમાં ભાજપના બે નગરસેવકોને અયોગ્ય કરાયા છે. પરંતુ તેનાથી નગરપાલિકામાં ભાજપને કોઈ નુકસાન નહિ થાય, કારણ કે ભાજપ પાસે હાલ પણ પૂરતી સંખ્યામાં કાઉન્સિલર છે.

#### બનાસકાંઠાના ધાનેરામાં ઉપાશ્રય વિવાદ

## ધાનેરામાં ઉપાશ્રય વિવાદમાં ૧૪ સાધ્વીજી મહારાજ ઉપવાસ પર ઉતર્યા

### ઉપાશ્રય મામલે અચાનક ભક્તોમાં બે ભાગ થતાં બહુ મોટો વિવાદ ધાનેરાના જૈન સમાજમાં સર્જાયો છે

। (એજન્સી) ધાનેરા, તા.૨૫ ।

ધાનેરાના જૈન સમુદાયમાં વિવાદ ઊભો થયો છે. મળતી માહિતી મુજબ, બનાસકાંઠાના ધાનેરાનગરમાં ઉપાશ્રય અને મંદિર બંને બનવાનાં હતાં, શિલાન્યાસ પણ થઈ ગયો હતો અને અચાનક ભક્તોમાં બે ભાગ થતાં બહુ મોટો વિવાદ ધાનેરાના જૈન સમાજમાં સર્જાયો છે. આ સંદર્ભમાં મુંબઈથી જૈન સમાજના અગ્રણી હાર્દિક હૂંડિયાએ જણાવ્યું હતું કે આ વિવાદ જૈન સમાજ માટે બહુ કલકિંત ઘટના કહેવાય જેમાં ઉપાશ્રય મંદિર બંને બને તે માટે ૧૪–૧૪ સાધ્વીજી મહારાજોને ઉપવાસ પર ઉતરવું પડે. એમાં એક સાધ્વીજી મહારાજ તો ૮૫ વર્ષનાં જે આ ઉપવાસમાં જોડાયાં છે અને આ કેટલા દુઃખની વાત છે. મુંબઈના આ જૈન અગ્રણીએ એક સવાલ એ પણ કર્યો કે જે ઉપાશ્રય તોડવામાં આવ્યું તે હજી પણ ૪૦ થી ૫૦ વર્ષ સુધી ચાલે તેમ હતું તો પછી તોડ્યું જ કેમ ? જ્યારે ઉપાશ્રય તોડ્યું ત્યારે બધાએ સાથે મળીને ઉપાશ્રય અને મંદિર બંને બનાવવાની વાત કરી હતી તો હવે અચાનક ઉપાશ્રય? અરે ઉપાશ્રય તો મજબૂત હતું તો તોડ્યું કેમ? આનો જવાબ કોણ આપશે? આ નુકસાન સંઘનું કે ઉપાશ્રય તોડાવનારનું કારણ ? તેમ હાર્દિક હૂંડિયાએ કહ્યું હતું.

# વાઈસ એડમિરલ ગુરચરણ સિંહે નેશનલ ડિફેન્સ એકેડમીના કમાન્ડન્ટ તરીકેનો કાર્યભાર સંભાળ્યો

વાઈસ એડમિરલ ગુરચરણ સિંહે ૨૫ મે ૨૦૨૪ના રોજ વાઈસ એડમિરલ અજય કોચર પાસેથી નેશનલ ડિફેન્સ એકેડમીના કમાન્ડન્ટની નિમણૂક ગ્રહણ કરી. નેશનલ ડિફેન્સ એકેડમી (ખડકવાસલા)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી, તેઓ ૦૧ જુલાઈ ૧૯૯૦ના રોજ ભારતીય નૌકાદળમાં કમિશન થયા હતા.

ફ્લેગ ઓફિસરની સમુદ્ર અને કાંઠી ઘણી નિમણૂંકો થઈ છે. ગનરી અને મિસાઈલના નિષ્ણાત તરીકે, તેમણે ભારતીય નૌકાદળના જહાજો રણજીત અને પ્રહારમાં સેવા આપી છે. તેઓ ત્રણ ભારતીય નિર્મિત યુદ્ધ જહાજો એટલે કે INS બ્રહ્મપુત્રા/ ગનરી ઓફિસર તરીકે, INS શિવાલિક/ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે અને INS કોચી/ કમાન્ડિંગ ઓફિસર તરીકેના કમિશનિંગ ક્રૂનો ભાગ બનવાનું ગૌરવ ધરાવે છે. તેમણે INS વિદ્યુત અને INS ખુકરીની કમાન્ડ પણ સંભાળી છે. તેઓ INS દ્રોણાચાર્ય (ગનરી સ્કૂલ)માં પ્રશિક્ષક અને નેવલ વોર કોલેજ,




ગોવાના ડેપ્યુટી કમાન્ડન્ટ રહી ચૂક્યા છે. તેમના સ્ટાફ કાર્યકાળમાં ડિરેક્ટોરેટ ઑફ પર્સનલ/એનએચક્યૂ, આસિસ્ટન્ટ ચીફ ઑફ પર્સનલ (એચઆરડી), નેવલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ/એનએચક્યુ અને ઈન્ડિયન નેવલ વર્ક-અપ ટીમમાં નિમણૂકોનો સમાવેશ થાય છે. ૨૯ નવેમ્બર ૨૦૨૨ના રોજ, તેમણે ઈસ્ટર્ન ફ્લીટના કમાન્ડિંગ ફ્લેગ ઓફિસર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. આ કાર્યકાળ દરમિયાન, કાફલાએ 'ઓર્ડનન્સ ઓન ટાર્ગેટ'ના મિશન પર લેસર શાર્પ ફોકસ સાથે ઓપરેશનલ સજ્જતાનો ઉચ્ચ ટેમ્પો જાળવી રાખ્યો હતો. ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વાઈસ એડમિરલના હોદ્દા પર પદોન્નતિ થવા પર, ફ્લેગ ઓફિસરને કંટ્રોલર પર્સનલ સર્વિસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જેમાં કર્મચારીઓ અને નૌકાદળના સમુદાયની કાર્યકારી સ્થિતિ સુધારવા માટે વિવિધ પહેલ કરવામાં આવી હતી. પ્રારંભિક તાલીમ દરમિયાન તેમની બેચના 'ફર્સ્ટ ઈન ઓવરઓલ ઓર્ડર ઓફ મેરિટ' માટે તેમને એડમિરલ કટારી ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના કમાન હેઠળ, INS ખુકરીને એકંદર ઓપરેશનલ અસરકારકતા અને ચાંચિયાગીરી વિરોધી કામગીરીના સફળ સંચાલન માટે ડિસેમ્બર ૨૦૧૧માં નૌકાદળના વડા 'યુનિટ સિટેશન'થી નવાજવામાં આવ્યા હતા. તેમને એફઓસી-ઈન-સી કમેન્ડશન(૨૦૦૨), નાવ સેના મેડલ (૨૦૨૦) અને અતિ વિશિષ્ટ સેવા મેડલ (૨૦૨૪)થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની શૈક્ષણિક લાયકાતોમાં એમએસસી અને એમફિલ (રક્ષણ અને વ્યૂહાત્મક અભ્યાસ)નો સમાવેશ થાય છે. DSSC વેલિંગ્ટન ખાતે સ્ટાફ કોર્સ, નેવલ વોર કોલેજમાં હાયર કમાન્ડ અને ભારતમાં દ્રઢઝ કોર્સ ઉપરાંત, તેમણે નેશનલ ઈન્ટેલિજન્સ યુનિવર્સિટી (NIU), વોશિંગ્ટન ખાતે મેરીટાઈમ ઈન્ટેલિજન્સ કોર્સ અને યુનાઈટેડ નેશન્સ સ્ટાફ ઓફિસર્સ કોર્સ (UNSOC)સ્ટોકહોમ, સ્વીડનમાં ભાગ લીધો છે. વાઈસ એડમિરલ ગુરચરણ સિંઘના નેતૃત્વમાં નેશનલ ડિફેન્સ એકેડેમીને સંચાલન, પ્રશિક્ષણ અને માનવ સંસાધન વ્યવસ્થાપન ના તમામ ક્ષેત્રોમાં બહોળા અનુભવ અને કામગીરી એક્સપોઝરનો ઘણો લાભ મળશે.




"હું ગર્વ મતદાર છું!" - દેશના પ્રથમ નાગરિક, ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો.



વર્લ્ડકપ વિજેતા કેપ્ટન કપિલ દેવ તેમની પત્ની રોમી ભાટિયા સાથે નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો હતો.



ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રાંચીના જવાહર વિદ્યા મંદિરમાં પોતાનો મત આપ્યો.




તમારી આવતીકાલને મહાન બનાવવા માટે તમારો મત આપો! ભારતના માનનીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને તેમની પત્નીએ નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો અને તેમની આસપાસના દરેકને પ્રેરણા આપી હતી.



નવી દિલ્હીમાં ગર્લ્સ સિનિયર સેકન્ડરી સ્કૂલ છત્તરપુર ખાતે લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદાન કરવા માટે કતારમાં ઉભા રહીને ઓળખ કાર્ડ દર્શાવતા મતદારો.



મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે તેમના પરિવાર સાથે અને માનનીય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર તેમના પરિવાર સાથે નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો.



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદારોના નામ અને દસ્તાવેજોની ચકાસણી કરતા મતદાન અધિકારીઓ.



અનંતનાગ-રાજૌરી પીસીમાં મત આપવા માટે મોટી સંખ્યામાં મતદારો તેમના મતદાન મથકોની મુલાકાત લઈ રહ્યા છે.



દિલ્હીના કલ્યાણ પુરીમાં લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા દરમિયાન મતદાન મથક પર મત આપ્યા બાદ અવિશ્વસનીય શાહીનું ચિહ્ન દર્શાવતા મતદારો.












## તંત્રી લેખ...

# ગુરુ એ શિષ્યમાં નવા મનુષ્યને જન્મ આપે છે, તેથી તે બ્રહ્મા છે

ગુરુ પોતાના શિષ્ય પર હંમેશાં નજર બનાવી રાખે છે કે ક્યાંક શિષ્ય સાધનાથી વિચલિત ન થઈ જાય. ગુરુ વિષ્ણુ જેવા છે. શિષ્યના દોષોનો સંહાર કરવાને કારણે ગુરુને મહેશ કહેવામાં આવ્યા છે. વ્યક્તિ જ્યારે કામના, વાસના, લોભ, મોહના ચક્કરમાં ફસાઈને ખરાબ કર્મ કરવા લાગે છે ત્યારે સંસારની નજરમાં તે ઘૃણા કે ઉપહાસનું પાત્ર બનીને હીનભાવનાથી ભરાઈ જાય છે. જ્યારે વ્યક્તિ આત્મગ્લાનિથી ભરાઈ જાય છે ત્યારે તેને ઉગારવા માટે પરમાત્મા ખુદ ગુરુ રૂપે પ્રગટ થાય છે. ગુરુના સાન્નિધ્ય માટે શિષ્યમાં સમર્પણની જરૂર હોય છે. નહિ તો ગુરુ પાસે હોવા છતાં પણ તેનાથી જ્ઞાન પ્રાપ્ત નહીં કરી શકે. ગુરુ આજ્ઞાનું પાલન, ગુરુ સાથે ક્યારેય છળ ન કરવું, તેની અવહેલના ન કરવી એ શિષ્યનું પરમ કર્તવ્ય છે. જરૂરી છે કે આપણે આપણા ગુરુના મહિમાનાં માત્ર વખાણ જ ન કરીએ, બલ્કે તેના બતાવેલા માર્ગ પર ચાલીને તેના મહિમાને ધારણ કરીને ખુદ પણ મહાન બનીએ. ગુરુથી ક્યારેય જૂઠું ન બોલીએ, ગુરુ સાથે ક્યારેય છળ ન કરીએ. ગુરુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ જ સાચી ભક્તિ છે. એવું કરીને આપણે પાપના દંડથી બચી શકીએ છીએ. ગુરુ શબ્દમાં 'ગુ'નો અર્થ છે અંધકાર અને 'રુ'નો અર્થ છે દૂર કરનાર. એટલે કે અંધકારને હટાવીને પ્રકાશ તરફ લઈ જનારને ગુરુ કહે છે. અજ્ઞાન જ અંધકાર છે અને જ્ઞાન જ પ્રકાશ છે. આ પ્રકારે જે શિષ્યના આત્માને આત્મજ્ઞાનથી આલોકિત કરી દેછે તેને ગુરુ કહે છે. સનાતન સંસ્કૃતિમાં ગુરુને ઈશ્વરથી પણ ઊંચું સ્થાન આપવામાં આવ્યં છે. ગુરુને ઈશ્વરના વિભિન્ન રૂપો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપે સ્વીકાર કરવામાં આવ્યા છે. જ્ઞાન મેળવતાં જ શિષ્યની જીવન દૃષ્ટિ બદલાઈ જાય છે. જીવન અને જગત પ્રત્યે તેનો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. આ પ્રકારે ગુરુ પોતાના શિષ્યમાં એક નવા મનુષ્યનું સર્જન કરે છે. ગુરુ એ શિષ્યમાં નવા મનુષ્યને જન્મ આપે છે, તેથી તે બ્રહ્મા છે. લૌકિક જગતમાં પિતા-પુત્ર, મા-દીકરો કે દીકરી, પતિ-પત્ની વિ. સંબંધો હોય છે. તેમાં ગુરુ-શિષ્ય પણ એક નાજુક સંબંધ છે. જે ગુરુને સમર્પણ થયા બાદ આખી જિંદગી તેને જ વફાદાર રહી, પરમ વિનય સુધી પહોંચી, ગુરુ આજ્ઞા પ્રમાણે સાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરવાની રહે છે. ત્યાં સાચા ગુરુના લક્ષણો તેમજ સાચા શિષ્યના લક્ષણો કેવા હોય તેની સુંદર છણાવટ પ્રસ્તુત પુસ્તકમાં રજૂ થાય છે. જગતમાં વિવિધ વિવિધ માન્યતાઓ ગુરુ માટે પ્રવર્તે છે.

# ઘટતી ખરીદશક્તિને કારણે બજારમાં સંતુલન જાળવી શકાતું નથી



ફુગાવાને સહન કરી શકાય તેવા સ્તરે લાવવા માટે બજારમાં મૂડીનો પ્રવાહ વધારવો જરૂરી છે, પરંતુ વધતી જતી બેરોજગારી, માથાદીઠ આવકમાં ઘટાડો અને ઘટતી ખરીદશક્તિને કારણે બજારમાં સંતુલન જાળવી શકાતું નથી. સરકાર ફુગાવાને અંકુશમાં લેવા માટે ઘણાં વર્ષોથી પ્રયાસ કરી રહી છે, પરંતુ તેમાં સ્થિરતા આવી શકી નથી. રિઝર્વ બેંક્રે રિટેલ મોંઘવારી દરને પાંચ ટકાથી નીચે રાખવાના આશયથી અનેક વખત બેંક્ર રેટમાં વધારો કર્યો છે અને અત્યાર સુધી તે તેમાં કાપ મૂકવાનું વિચારી પણ નથી રહી. ગયા મહિને રિટેલ ફુગાવો વધીને ૭.૭૪ ટકા થયો હતો. હવે જથ્થાબંધ મોંઘવારી તેર મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. ગયા મહિને તે ૧.૨૬ ટકા નોંધાઈ હતી. ગયા વર્ષે માર્ચમાં તે ૧.૪૧ ટકા હતી. છેલ્લા બે મહિનાથી જથ્થાબંધ મોંઘવારી સતત વધી રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું કહેવું છે કે એપ્રિલ મહિનામાં ખાદ્ય ચીજવસ્તુઓ, વીજળી, ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ, ફૂડ પ્રોડક્ટ મેન્યુફેક્ચરિંગ અને અન્ય મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પ્રોડક્ટના ભાવમાં વધારાને કારણે જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો થયો છે. આ પરિસ્થિતિ ક્યારે સુધરવાની શક્યતા છે તે અંગે કોઈ અંદાજ રજૂ કરવામાં આવ્યો નથી. ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવ ક્યારે સાધારણ થશે તે કહેવું મુશ્કેલ છે. વિશ્વમાં જે રીતે સંઘર્ષ અને મંદીનો સમયગાળો છે, તેની કિંમતોમાં ઘટાડા અંગે કોઈ દાવા કરી શકાતા નથી. દુનિયાના નકશામાં બે નાના દેખાતા દેશોની અથડામણ પણ વૈશ્વિક અર્થતંત્રની સાયકલ તોડી નાખે છે. મેન્યુફેક્ચરિંગ અને ઈલક્ટ્રિસિટી સેક્ટરમાં મોંઘવારી વધવાનાં કારણો પણ સ્પષ્ટ છે. કોલસા ઉત્પાદન ક્ષેત્રમાં વૃદ્ધિ દર સુસ્ત છે. કોલસાની આયાત વધી છે. આવી સ્થિતિમાં વીજળીના ઉત્પાદનને અસર થવી સ્વાભાવિક છે. છૂટક ફુગાવો મેન્યુફેક્ચરિંગના ખર્ચને પણ અસર કરે છે. કોલસા અને વીજળીના ભાવમાં વધારાને કારણે આ સેક્ટરમાં મોંઘવારી પણ વધે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આવી પરિસ્થિતિમાં આવનાર સમયે જલ્દીથી કોઈ સુધારાની અપેક્ષા રાખી શકાય નહીં. વૃદ્ધિ દરમાં અસંતુલન પણ ફુગાવાનું એક મુખ્ય કારણ છે. કેટલાક વિસ્તારોમાં વિકાસ દર ઘણો ઊંચો છે, જ્યારે અન્યમાં નીચું વલણ છે. જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો એટલે કે તેની સીધી અસર છૂટક ફુગાવા પર પડશે. જો માલના ઉત્પાદન ખર્ચમાં વધારો થશે, તો છૂટક માલના ભાવ તેના પ્રમાણમાં વધુ વધશે. જોકે ફુગાવાનું મૂલ્યાંકન જથ્થાબંધ ભાવ સૂચકાંકના આધારે કરવામાં આવતું હોવાથી, વાસ્તવિક ફુગાવો તેનાથી ઘણો વધારે છે. તેથી જ ઘણી વખત સરકારી આંકડાઓ મોંઘવારીનું ઘટેલું સ્તર દર્શાવે છે ત્યારે પણ સામાન્ય ગ્રાહકને કોઈ રાહતનો અનુભવ થતો નથી. સામાન્ય ચૂંટણીના ભાગરૂપે વિપક્ષી પાર્ટીઓએ મોંઘવારી અને બેરોજગારીને મુખ્ય મુદ્દાઓ બનાવ્યા છે. તેથી જથ્થાબંધ મોંઘવારી દરના તાજેતરના આંકડા તેમને ફરી એકવાર શાસક પક્ષની ટીકા કરવાની તક આપશે. આ એક વિચિત્ર અસંતુલન છે કે દેશની અર્થવ્યવસ્થા ઉપરના વલણ પર છે, જ્યારે ફુગાવો એક મોટો પડકાર છે. આનાં કેટલાક કારણો સ્પષ્ટ છે. ફુગાવાને સહન કરી શકાય તેવા સ્તરે લાવવા માટે જરૂરી છે.

**ટી પોસ્ટ ના નામે ચા નો તો હવે ભારતમાં ચેન બિઝનેસ શરુ થયો, પરંતુ ચા જેટલી પ્રિય છે તેટલો જ તેનો ઈતિહાસ પણ રોમાંચક**

# ઔષધિ તરીકે શરૂ થયેલી, અને દુનિયાભરમા પીવાતી ચા ની ચાહ છે અજબ ગજબની..!!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ચા ના પાક માટે અમુક પ્રકારનુ વેધર એટલે બહુ સ્વાભાવિક રીતે જ ગુજરાત ના આ બળબળતા તાપમાં ચા ના બગીચા હોતા નથી, પરંતુ લગભગ ગુજરાતમાં જેટલી ચા પીવાય છે, એટલી બીજે કદાચ કોઈ રાજ્ય કે દેશમાં પીવાતી નહીં હોય.**

હમણાં ૨૧ મે ગઈ, અને ૨૧ મી મે એટલે વિશ્વ ચા દિવસ, ૨૧ મે એટલે કે બળબળતા તાપમાં આ ઈન્ટરનેશનલ ચા દિવસ આવે છે, એટલે આશ્ચર્ય પણ થાય! કારણ કે આટલી ગરમીમાં ચા? પણ દુનિયાભરમાં ચા ના બંધાણી ખૂબ જ જોવા મળે છે, અને વિશ્વમાં બધા દેશમાં મે માં આટલું તાપમાન નથી હોતું. બધાં જ સ્વભાવનાં એટલે કે તેજ અને સૌમ્ય સ્વભાવ વાળા લોકો પણ ચા પીતા હોય છે, મોટેભાગે ચા એ સૌનું પ્રિય પીણું છે, અને જોવાની ખૂબી એ છે કે, લોકો તેને વ્યસનમાં ગણતા પણ નથી. સવાર પડે અને સૌના દિવસની શરૂઆત લગભગ ચા સાથે જ થાય, કોઈને ગળી, તો કોઈ મોળી પીવે, કોઈ આદુવાળી, તો કોઈ મસાલા વાળી પીવે, તો કોઈ એલચીવાળી પણ પીવે,ગમે તેવી પણ ચા તો બધાને જોઈએ, અને આ ચાની ટેવ આપણને બ્રિટિશરો પાડી ગયાં, ચા આપણા દેશમાં થતો પાક નથી. હાલ જોકે દક્ષિણ ભારત અને હિમાચલના અમુક વિસ્તારમાં ચાના બગીચાઓ જોવા મળે છે, દાર્જિલિંગ અને મસુરી,અને આસામમાં પણ ચાના બગીચા જોવા મળે છે. ચા ના પાક માટે અમુક પ્રકારનુ વેધર એટલે કે વાતાવરણ હોય ત્યાં જ ચા નો પાક થાય છે, એટલે બહુ સ્વાભાવિક રીતે જ ગુજરાત ના આ બળબળતા તાપમાં ચા ના બગીચા હોતા નથી, પરંતુ લગભગ ગુજરાતમાં જેટલી ચા પીવાય છે, એટલી બીજે કદાચ કોઈ રાજ્ય કે દેશમાં પીવાતી નહીં હોય. આમ તો ગુજરાતીઓ તમામ પ્રકારના ખાણીપીણીના શોખીન છે, પરંતુ ચાનું નામ પડે તો રાત્રે બાર વાગ્યે, પણ કોઈ ના ન પાડે! એવા ચા ના રસિયાઓ હોય છે. રાત્રે મોડેથી પણ અમુક ચાના ગલ્લાને કીટલી ખુલ્લા જોવા મળે છે. દોસ્તારો સાથે નીકળેલા જુવાનિયા ઓ આ રીતે ગમે ત્યાં ઉભા રહી ચા ની ચુસ્કી લેતા જોવા મળે છે. ટી પોસ્ટના નામે ચા નો તો હવે ભારતમાં ચેન બિઝનેસ શરુ થયો છે, પરંતુ ચા જેટલી પ્રિય છે તેટલો જ તેનો ઈતિહાસ પણ રોમાંચક છે. બોટનીની ભાષામાં 'કેમેલીઆ સીનેસીસ' નામના છોડના પાંદડાને જુદી જુદી રીતે પ્રોસેસ કરીને અનેક જાતની ચા બનાવાય છે, અને તેને અનેક નામ પણ આપેલાં છે. ૧૬ મી સદીમાં પ્રથમવાર ચીનમાં ચા દવા તરીકે હકીમો દર્દીને શક્તિ આપવા, જુસ્સો ચઢાવવા આપતા હતા. ૧૭ મી સદીમાં બ્રિટનમાં ચાનો વપરાશ શરું થયો, ત્યાંથી ભારતમાં ચાનું આગમન થયું. ચાના છોડને આસામ અને તામીલનાડુનું હવામાન ફાવી ગયું. આ પહેલાં ચા ચીનથી આવતી, અને ત્યાર પછી બ્રિટનથી. અત્યારે આખી દુનિયામાં ભારતની ચા જાય છે. અને આખી દુનિયાની ઉત્પન્ન થતી ચામાં ૩૨ ટકા ભારતની ચા છે. આ બિઝનેસ ૧૦,૦૦૦ કરોડનો છે. સામાન્ય રીતે ચા બનાવવા માટે દૂધ, ખાંડ, પાણી, અને ચાની પત્તી નો ઉપયોગ થાય છે. ચા માં કેફિન તથા ટેનિનનું પ્રમાણ મળે છે, જે સામાન્ય રીતે મગજનાં જ્ઞાન તંતુઓ ને ઉત્તેજીત કરે છે, જેને કારણે ચા પીવાથી કોટો ચડ્યો એવો શબ્દ પ્રયોગ આપણે સૌ કરતા હોઈએ છીએ, અને એટલે જ ઓફિસમાં કામ કરતી વખતે અડધી અડધી કલાકે બધા પીતા જોવા મળે છે. એક અડધી ના ચાર ભાગ કરે એ ગુજરાતી. કયારેક ઉજાગરો કરવો પડે એવી પરિસ્થિતિ આવે તો પણ બધા ચા નો સહારો લેતા જોવા મળે છે. પરતુ અતિશય આદત રોગને નોતરે છે, એટલે વધુ ખાંડ ડાયાબિટીસ કરી શકે, બ્લડ પ્રેશર પણ વધી શકે અને, હાથ પગ જેવી ઈન્દ્રિય ચા ન મળતાં શિથિલ પણ થઈ શકે! ચા ના પણ કેટલા બધા પ્રકાર હોય છે જેમ કે ડસ્ટ, મીક્સ, અને મમરી, ગોલ્ડન મમરી વગેરે જ્યારે પ્રાંત પ્રમાણે પણ તેના નામ હોય છે, આ ઉપરાંત જે તે વેપારી ના નામ પ્રમાણે તેના નામ રાખવામાં આવે છે, જેમ કે સી સોમાભાઈ ની ચા, નરેશની ચા, રાજાણીની ચા, વગેરે તો લીફ્ટન, રેડલેબલ,મિલી ચા, વાઘ બકરી, તેમજ,વાહ તાજની જાહેરાત સાથે જોવા મળતી ચા એ એક બ્રાન્ડ બની ગઈ છે. આ ઉપરાંત ગ્રીન ટી અને હર્બલ ટી તરીકે પણ ઘણી ચા બજારમાં ઉપલબ્ધ છે, અને તેના ફાયદા પણ ઘણા છે. બોટનીની ભાષામાં 'કેમેલીઆ સીનેસીસ' નામનાં છોડના પાંદડાને જુદી જુદી રીતે પ્રોસેસ કરીને અનેક જાતની ચા બનાવાય છે. દેખાવમાં અને રંગમાં કાળી અથવા આછી સફેદ છાંટવાળી ચા એટલે બ્લેક ટી. દુનિયામાં બ્લેક ટી બધી જાતો કરતાં ૯૦ ટકા વપરાય છે. ચાના લીલા પાંદડાને સૌથી વધારે પ્રમાણમાં ઓક્સીડાઈઝ કરીને કાળી ચા બનાવવામાં આવે છે. ચાનાં લીલાં પાંદડાંને ફેક્ટરીમાં કામ કરતા મજુરો અભરાઈ પર પાથરી દે છે. આ પાંદડાં સુકાઈ જાય પછી રોલરથી તેના ટુકડા કરવામાં આવે છે. અને રૂમમાં પાથરી દેવામાં આવે છે. આને કારણે ચાનાં પાંદડાં હવામાંનો ઓક્સીજન ખેંચી શકે. આ પ્રક્રિયાથી તેનો સ્વાદ અને સુગંધ બદલાય છે. ત્યાર પછી આ ચા ઉપર પંખાથી ગરમ દવા નાખવામાં આવે છે જેથી તેનો રંગ કાળો અને બ્રાઉનીશ બ્લેક થાય છે. બીજી બધી ચા કરતાં બ્લેક ટીમાં કેફીનનું પ્રમાણ વધારે હોય છે. બ્લેક ટી પોતાનો સ્વાદ અને સુગંધ વર્ષો સુધી જાળવી રાખે છે. માટે જ જગતમાં તેનો વપરાશ વધારે છે. ''ચા'' એટલે શું? ચા પ્રેમથી એકબીજાને પિવરાવે તો પીણું એટલે 'ચા'. પાણી પછી માનવીના સૌથી વધુ પીણા તરીકે ઉપયોગમાં આવતું પીણું એટલે 'ચા'. ચા એટલે ચાનાં પ્રોસેસ કરેલાં પાન ગરમ પાણીમાં ઉકાળી જરૂર પ્રમાણે દૂધ અને ખાંડ નાખી બનાવવામાં આવતું પીણું, ચા સૌ કોઈને ભાવે, સામેથી માગીને પીએ. આખી દુનિયા જે ચા પીએ છે તેની જાત અને પ્રકાર : આગળ જણાવ્યું તે પ્રમાણે ચાના છોડના પાંદડામાંથી બનાવવામાં આવે છે તે ચા જે દેશમાંથી આવે છે, તે પ્રમાણે પ્રકાર ગણીએ તો ૧. ઈન્ડિઆ ટી ૨. ચાઈના ટી મુખ્ય છે. અને ત્રીજો પ્રકાર જુદા જુદા ઠેકાણેથી આવતો હોઈ હાઈબ્રીડ ટી ગણાય છે. આ ત્રણ પ્રકારની ચાને જુદા જુદા પ્રકારના પ્રોસેસ કરીને બનાવવામાં આવે છે. એ પ્રમાણે ગણતાં ચાની મુખ્ય જાતો. ૧. બ્લેક ટી ૨. ગ્રીન ટી ૩. વ્હાઈટ ટી ૪. હર્બલ ટી અને ૫. ઓલોંગ ટી ગણાય છે. ગ્રીન ટી ચાના લીલા પાંદડાંને ચૂંટીને તેને ખુલ્લાં રાખી 'ઓક્સીડાઈઝ' કરવાને બદલે તેને ઓવનમાં રાખીને તેને 'ડીહાઈડ્રેટ' કરવામાં આવે છે. પછી તેને સ્ટોર કરવામાં આવે છે. ડીહાઈડ્રેશનની ક્રિયાથી ચાના લીલા પાંદડાંમાં રહેલા પોલીફેનોલ્સ કેટેથીન્સ અને ફલેવેનોઈડઝ નાશ નથી પામતી. આને કારણે ગ્રીન ટી પીવાથી આરોગ્યના ઘણા લાભ થાય છે. ગ્રીન ટી એક વર્ષમાં વાપરી નાખવી જોઈએ. નહીં તો તેના લાભ નથી મળતા.આમ તો બધા પ્રકારની ચા માપમાં લેવામાં આવે તો ઔષધનું કાર્ય કરે છે. પરંતુ એક પ્રશ્ન થાય કે ચામાં એવું શું છે કે તે 'યુનીવર્સલ પીણું' થઈ ગયું છે? ચા ની અંદર માનવ શરીરના આરોગ્યને ફાયદો કરે તેવા 'થીઆફલેવીન' જે કાળી ચામાં છે અને 'એપીકેટેચીન અને કેટેચીન્સ' જે ગ્રીન ટીમાં છે આ બધા પોલીફેનોલીક કમ્પાઉન્ડ છે જે ૪૦૦૦ જાતના છે. આ બધા પાવરફૂલ એન્ટી ઓક્સીડન્ટ ગણાય છે. હવે આપણને પ્રશ્ન થાય કે એન્ટીઓક્સીડન્ટ એટલે વળી શું? તો એન્ટીઓક્સીડન્ટ એટલે માનવ શરીરમાં જે દુષિત પદાર્થો હવા, પાણી, ખોરાક, દવા, ઈન્જેક્શન વગેરે મારફતે દાખલ થાય છે, તેને વૈજ્ઞાનિકો 'ફીરેડીકલ' કહે છે. જો શરીરમાં ફીરેડીકલ વધારે હોય તો અનેક રોગો થાય. આ માટે જો ખોરાક અને પ્રવાહી મારફતે શરીરમાં એન્ટીઓક્સીડન્ટ લેવામાં આવે, તો બધા જ ફીરેડીક્લનો નાશ થાય અને તમે તંદુરસ્ત અને રોગરહીત રહો. વિશ્વ ''ચા'' દિવસ નિમિત્તે બધા જ ચા નાં પ્રેમીઓને આ દિવસની ખુબ ખુબ શુભેચ્છા,પણ ચા એ વ્યસન બની જાય એટલી હદે તેનું સેવન ન કરવું, એવી ડોક્ટરો પણ સલાહ આપતા હોય છે. ચા વિશેનો આ લેખ લખનારે ક્યારેય ચા ચાખી નથી હાં પરિવાર માટે બનાવું છું રોજ! અને એ પણ સારી. હા હમણાંથી ગ્રીન ટી ની ટેવ પાડી છે, પણ આ પહેલા મને તેની જરૂરિયાત પણ ક્યારે વર્તાઈ નથી, એટલે એવું જરુરી નથી કે ચા પીવાથી જ કામ થાય છે, અને મગજ સ્ફુર્તિ માં રહે છે. આદત કોઈ પણ હોય, તેને આપણી પર ક્યારેય હાવી થવા દેવી જોઈએ નહીં, નહીં તો એ ક્યારે આપણને પતન તરફ દોરી જાય તે કહેવાય નહીં.

**લાખો કારખાનાં અને લાખો જહાજો ઉપરાંત બીજો અગ્નિ રોજ લાખો ટન કાર્બન વાયુઓ ઠાલવી રહેલ છે**

# હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ, શેઠ કાસમ, તારી વીજળી રે મધ દરિયે વેરણ થઈ



વિશેષ
યશપાલસિંહ દી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ફુકાતા પવનની ઝડપ ૧૧૧ કિમી પ્રતિ કલાકની હતી, આ ચક્રવાતની અસર ગુજરાતના ૧૯ જિલ્લામાં થઈ હતી, જેમાં ૩૩ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૭૯૬૪ પાકા મકાનો તૂટી પડ્યા હતા.**

હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ. શેઠ કાસમ, તારી વીજળી રે મધ દરિયે વેરણ થઈ. ભુજ અંજાર ની જાનું રે જૂતી જાય છે મુંબઈ શે'ર. કાસમ,તારી દેશ પરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઈ શે'ર. કાસમ, તારીપ દશ બજે તો ટિકટું લીધી જાય છે મુંબઈ શે'ર. કાસમ, તારીપ તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર. કાસમ, તારીપ ચૌદ વીશુંમાંય શેઠિયા બેઠા છોકરાં નો નૈ પાર. કાસમ, તારીપ અગિયાર બજે આગબોટ હાંકી જાય છે મુંબઈ શે'ર. કાસમ,તારીપવાવાઝોડાની ઝપટે ચડી વીજળી નામની આગબોટ.. આપણા દેશમાં જાણકારો અને અભણો બધા ફરીયાદ કરે છે કે ઋતુઓ રૂઠી છે. અત્યારની જ વાત કરો મે ૨૦૨૪ માસના બીજા અને અંતિમ તબક્કામાં ગુજરાત રાજસ્થાન સહિત દેશના કેટલાક રાજયમાં ગરમીનો પારો ૪૫ થી ૫૨ ડીગ્રીએ પહોંચી હાહાકાર મચાવી રહ્યો છે તો ક્યાંક ચોમાસુ બેસી ગયું છે .આજે રવિવાર પશ્ચિમ બંગાળ બાંગ્લાદેશમાં રિમલ વાવાઝોડું ભારે નુક્સાન કરી શકે છે તો કોઈ વાર મે માસના સખત ઉનાળામાં સખત હિમવર્ષા થાય .પૃથ્વીનું હવામાન બદલી રહ્યું છે ? કેટલાક વિજ્ઞાનીઓ એમ માને છે કે કરોડો મોટર વાહનો, લાખો કારખાનાં અને લાખો જહાજો ઉપરાંત બીજો અગ્નિ રોજ લાખો ટન કાર્બન વાયુઓ ઠાલવી રહેલ છે, તેથી વાતાવરણ નું ઉષ્ણતામાન વધે છે.જો સરા સરી ઉષ્ણતામાન થોડું વધે તો પણ હિમાલય, આલ્પ્સ, કોકે સસ, પામીર, ઍન્ડીસ વગેરે પર્વત માળાઓ પરનો ઉત્તર -દક્ષિણ ધ્રૂવ પ્રદેશોનો બરફ પીગળવા લાગે વાસ્તવમાં હિમાલયની હિમહ સરિતાઓનો બરફ નીચેના ભાગે પીગળી રહ્યો છે, ધરતી,હવા અને પાણીમાં પ્રદુષણ ફેલાયએ આ ઔદ્યોગિક યુગનો અભિશય છે. હવામાં કાર્બન વાયુઓનું પ્રમણ વધે તો ઉષ્ણતામાન વધે. એટલે શુક્રનું વાતાવરણ મુખ્યત્વે કાર્બન ડાયોક સાઈડ ધરાવતું હોવાથી ત્યાંદઝાડી દે, બાળી નાખે એવી ગરમી છે. આપણો દેશ હજી ખેતી પ્રધાન છે, જાપાન, યુરોપ અને અમેરિકામાં પ્રદુષણની સમસ્યા એવી વિકટ બની છે કે આજે તેને યુદ્ધ કરતાં પણ વધુ ગંભીર ગણવામાં આવે છે. તેમાં વળી મહાસત્તાઓએ સેંકડો હાઈડ્રોજન બોમ્બ અને અણુ બોમ્બ ફોડયા છે અને હજી રશિયા-યુક્રેન યુદ્ધ અને અમેરિકા ભૂગર્ભમાં તથા ફ્રાન્સ અને ચીન બધે ઠેકાણે ફોડે છે. આપણું ગરવું ગુજરાત ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાકિનારો ધરાવે છે. જે ભારતના કુલ દરિયા કિનારાના ૨૩ ટકા ભાગ છે. ગુજરાતમાં ૪૧ બંદર છે, જેમાં કંડલા સૌથી મહત્વનું બંદર છે, ૧૧ મધ્યમ કક્ષાના અને ૨૯ નાના બંદર છે.ગુજરાતમાં દરિયા કિનારો પરિવહન અને પર્યટન સિવાય મત્સ્ય ઉદ્યોગ થકી સારી આવક પણ કરાવી આપે છે. ૧૬૦૦કિમી લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાત પર સામુદ્રીક ચક્રવાતોનો ભય પણ હંમેશા રહ્યો છે. હાલમાં રિમલ વાવાઝોડું સક્રિય થયું છે. જેનાથી પવનના સુસવાટા સાથે ભારે વરસાદ પશ્ચિમ બંગાળ બાંગ્લાદેશમાં પડશે તેવી આગાહી કરવામાં આવી છે. આ પહેલાં બીપોરજોય તૌકેત જેવા અનેક વાવાઝોડા આવેલ .હવે પહેલાં જેવી ધોળી કાળી આંધી ઓછી આવે છે. આજે આપણે વાત કરીશું ગુજરાતમાં અત્યાર સુધી આવેલા ચક્રવાતો, વાવાઝોડા અને તેનાથી થયેલુ નુકસાન વિશે નિસર્ગ વાવાઝોડું ૨ થી ૪ જૂન ૨૦૨૦ -અરબીસમુદ્રમાં નિસર્ગ વાવાઝોડું ભલે મહારાષ્ટ્રમાં ત્રાટક્યું હતુ પણ તેની અસર દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વર્તાઈ હતી. રાજ્યના સુરત, વલસાડ, નવસારી અને વાપી જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો હતો. જેને પગલે દરિયા કાંઠાના વિસ્તારમાં આવેલા ૪૭ ગામોમાંથી અંદાજિત ૨૦ હજાર લોકોને સુરક્ષિત સ્થાનો પર ખસેડવામાં આવ્યાં છે. નિસર્ગ વવાઝોડું ૩જૂનના રોજ ટકરાયું હતું. ત્યારે તેની પવનની ગતિ ૧૦૦થી ૧૧૦ કિલોમીટરની ઝડપે હતી.મહા વાવાઝોડું ૭થી ૮ નવેમ્બર, ૨૦૧૯- મહા વાવાઝોડું અરબી સમુદ્રમાં ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હતું. આ વાવાઝોડાની ૮૦થી ૯૦ કિલો મીટરની હતી. જેથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.આ સાથે જામનગરમાં બંદર કિનારે બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું. મહા વાવાઝોડું ૭મી નવેમ્બરના રોજ મહારાષ્ટ્ર તરફ ફંટાઇ ગયું હતું, પણ તેની અસર ગુજરાતમાં જોવા મળી હતી.ક્યાર વાવાઝોડું ૨૬ ઓક્ટોબર, ૨૦૧૯- ક્યાર વાવાઝોડાની ઝડપ ૭૦થી ૮૦ કિલોમીટર હતી. જેના કારણે તંત્રએ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી હતી. આ સાથે કંડલા પોર્ટ ટ્રસ્ટમાં બે નંબરનું સિગ્નલ આપ્યું હતું. આ સાથે રાજ્યના તાપમાનમાં અસહ્ય બફારા વચ્ચે મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૧૭ ડીગ્રી સાથે અસમતોલ બન્યું હતું. ૧૫મી ઓક્ટોબરને બદલે ૨૫મી ઓક્ટોબર સુધી શરૂ રહેલા ચોમાસાની સિઝનમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કુલ વરસાદ ૧૬૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ ક્યાર વાવાઝોડું ઓમાન તરફ ફંટાઈ હતું જે કારણે રાજ્યમાં વધુ નુકસાન થયું હતું. વાયુ વાવાઝોડું ૧૨ અને ૧૩ જૂન, ૨૦૧૯ : અરબી સમુદ્રમાંથી સક્રિય થયેલા 'વાયુ' સાયક્લોનનો ગુજરાત પર ખતરો હતો. આ વાવાઝોડું ૧૨ અને ૧૩ જૂનના રોજ ગુજરાતનાં દરિયા કિનારા સુધી પહોંચશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જેથી સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં વિવિધ સિગ્નલ લગાવી દેવામાં આવ્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં બદરો પર ચેતવણી સિગ્નલ આપી દેવામાં આવ્યા હતા. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપવામાં આવી હતી. વાયું વાવાઝોડાની અસર ગુજરાતના ૮ જિલ્લામાં થઈ હતી અને રાજ્યના ઘણા જિલ્લામાં વરસાદ પણ થયો હતો. ઓખી ચક્રવાત ૫-૬ ડિસેમ્બર, ૨૦૧૭ ઓખી ચક્રવાતમાં ૮૦થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુકાયો હતો. ૨૮ નવેમ્બર, ૨૦૧૭ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં લૉ પ્રેશર કારણે ઓખી સર્જાયું હતું. ઓખી ગુજરાતમાં ત્રાટકે તે પહેલા જ દરિયામાં સમી ગયું હતું.૩૧ મે, ૨૦૧૦ પાકિસ્તાન નજીકના વિસ્તારમાં ચક્રવાત ત્રાટક્યું હતું, જેમાં ફુકાતા પવનની ઝડપ ૧૫૭ કિમી પ્રતિ કલાકની હતી. આ ચક્રવાતના કારણે ગુજરાતમાં ભારે વરસાદ થયો હતો. ૨૦ મે, ૧૯૯૯ ઉત્તર પાકિસ્તાનની સરહદ નજીક ચક્રવાત આવ્યું હતું, જેમાં ફુકાતા પવનની ઝડપ ૧૦૨ કિમી પ્રતિ કલાકની હતી.આ ચક્રવાતના કારણે કચ્છ અને જામનગર જિલ્લાના ૪૫૩ લોકોના મોત થયા હતા, જ્યારે આ ચક્રવાતના કારણે અંદાજીત ૮૦ કરોડ રૂપિયાની સંપતીને નુકસાન થયું હતું.૦૯ જૂન ૧૯૯૮: ઉત્તર પોરબંદરમાં ચક્રવાત આવ્યું હતું, જેમાં ફુકાતા પવનની ઝડપ ૧૬૭ કિમી પ્રતિ કલાકની હતી. આ ચક્રવાતના કારણે ૧૧૭૩ લોકોના મોત અને ૧૭૭૮ લોકો લાપતા થયા હતા, જ્યારે આ ચક્રવાતના કારણે અંદાજીત ૧૩૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.૧૮ જુલાઈ ૧૯૯૬ દીવમાં ચક્રવાત આવ્યું હતું.

પોઝિટિવ એપ્રોચની સાથે બાળકોને મદદ

## તમારી ભૂલો ખરાબ કરી શકે છે બાળકોની બોર્ડની પરીક્ષા

બોર્ડની એક્ઝામ જેમ-જેમ નજીક આવી રહી છે એમ બાળકો અને પેરેન્ટ્સના મનમાં અનેક જાતના સવાલો અને ડર ઉભો થતો હોય છે. જો કે આ સમયે મોટાભાગના પેરેન્ટ્સ નાની-નાની ભૂલો કરી બેસતા હોય છે જેના કારણે બાળકોને પરીક્ષા સમયે મોટી તકલીફ પડતી હોય છે. આ દરમિયાન બાળકો અને પેરેન્ટ્સ સતત પ્રેશરમાં રહેતા હોય છે. આ સાથે સ્ટ્રેસ લેવલ પણ વધી જાય છે. આ માટે જરૂરી છે કે સૌથી પહેલાં પેરેન્ટ્સે આ આદતો બદલવી જોઈએ જેના કારણે પોતે પોઝિટિવ એપ્રોચની સાથે બાળકોને પણ મદદ કરી શકે. બાળકો ઘણીવાર પરીક્ષાઓને લઈને તણાવમાં રહે છે અને જ્યારે બોર્ડની પરીક્ષાની વાત આવે છે ત્યારે બાળકોની સાથે માતા-પિતાનો તણાવ પણ વધે છે. હવે માર્ચમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. બોર્ડની પરીક્ષા એ માત્ર બાળકોની જ નહીં પરંતુ માતા-પિતાની પણ પરીક્ષા છે. પરીક્ષાના સમયે માતા-પિતા કરતાં વધુ બાળકો ટેન્શનમાં હોય છે. આવી સ્થિતિમાં બાળકોને સમજો અને તેમને સપોર્ટ કરો. રોકવા, ટોકવા અને ઠપકો આપવાને બદલે બાળકથી સમજાવો. ઘણીવાર જ્યારે પરીક્ષાઓ આવવાની હોય છે ત્યારે બાળકો અભ્યાસને કારણે માતા-પિતા સાથે ઓછી વાત કરી શકે છે. માતા-પિતા પણ દરેક સમયે ભણવા માટે કહે છે. પણ આવું કરવું ખોટું છે, બાળકોને થોડો સમય આપો અને વાતચીત કરો. બાળક સાથે વાત કરીને સારું બોન્ડિંગ બનાવો, આવી સ્થિતિમાં પરીક્ષાનો તણાવ ઓછો થાય છે.

આ નાની-નાની વાતોનું રાખો ધ્યાન

## મેન્ટલ અને ફિઝિકલ રીતે ફ્રી રહેવા મદદરૂપ

મોબાઈલ લેપટોપ અને ઘણી એવી વસ્તુઓ હોય છે જે બાળકોનું ધ્યાન અભ્યાસ પરથી ભટકાવી દે છે. આવી સ્થિતિમાં માતા-પિતાએ તે તમામ વસ્તુઓને દૂર રાખવી જોઈએ જે તેમને ડિસ્ટ્રેક્ટ કરી શકે છે. અભ્યાસની વચ્ચે થોડી-થોડી વારનો બ્રેક પણ ખૂબ જ જરૂરી હોય છે. તેનું પણ ધ્યાન રાખો અને બાળકને બ્રેક લેવા દો.કોઈપણ કામ એનર્જી વિના થઈ શકતું નથી. આવી સ્થિતિમાં બાળકને એનર્જી આપવા માટે ડાયટનું ખાસ ધ્યાન રાખો. સંતુલિત આહાર લેવો સ્વાસ્થ્ય માટે જરુરી હોય છે. બાળકના આહારમાં દૂધ, બદામ, લીલા શાકભાજી વગેરેનો સમાવેશ કરો. બાળકને વચ્ચે-વચ્ચે બ્રેક લેવાની સલાહ આપો. વાંચતી વખતે બ્રેક લેવો ખૂબ જરૂરી છે. આમ કરવાથી સ્ટ્રેસ અને થાક બન્ને ઉતરી જાય છે. આમ, થોડી વાર રમવા જવાનો સમય નક્કી કરો.

# નારિયેળમાંથી ઓછુ પાણી નહીં નીકળે, ખરીદતી વખતે આટલું ચેક કરી લેજો

### નારિયેળ પાણીમાં સોડિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા ન્યૂટ્રિશિયન મળે



નારિયેળ પાણીમાં સોડિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા ન્યૂટ્રિશિયન મળી આવે છે. જે આપણી તરસ છિપાવવામાં મહત્વનો ભાગ ભજવે છે અને તેનાથી ઈન્સ્ટન્ટ એનર્જી પણ મળે છે. પરંતુ નારિયેળ ખરીદતી વખતે આપણે મૂંઝવણમાં મુકાઈ જઈએ છીએ કે કયું નારિયેળ ખરીદવું જેમાંથી વધુ પ્રમાણમાં પાણી નીકળે અને મલાઈ પણ સારા પ્રમાણમાં હોય. ઉનાળામાં શરીરને હાઈડ્રેટેડ રાખવાની ખૂબ જ જરૂર પડે છે. જેના કારણે લોકો ઉનાળામાં વધુ પ્રમાણમાં નારિયેળ પાણી પીવે છે. નારિયેળ પાણી આપણને રિફ્રેશ કરે છે. નારિયેળ પાણીમાં સોડિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા ન્યૂટ્રિશિયન મળી આવે છે. જે આપણી તરસ છિપાવવામાં મહત્વનો ભાગ ભજવે છે અને તેનાથી ઈન્સ્ટન્ટ એનર્જી પણ મળે છે. પરંતુ નારિયેળ ખરીદતી વખતે આપણે મૂંઝવણમાં મુકાઈ જઈએ છીએ કે કયું નારિયેળ ખરીદવું જેમાંથી વધુ પ્રમાણમાં પાણી નીકળે અને મલાઈ પણ સારા પ્રમાણમાં હોય. ત્યારે અહીં અમે તમને યોગ્ય નારિયેળ પસંદ કરવાની કેટલીક ટ્રીક્સ શીખવીશું, જેથી તમને વધુ પાણીવાળું નારિયેળ મળી શકે. માર્કેટમાં નાના, મોટા અને મીડીયમ સાઈઝના નારિયેળ મળી આવે છે. ત્યારે જો નારિયેળની સાઈઝ ખૂબ જ નાની હશે, તો તેમાંથી ખૂબ જ ઓછી માત્રામાં પાણી નીકળી શકે છે. જો સાઈઝ મોટી હશે, તો એવું જરૂરી નથી કે પાણી વધુ માત્રામાં હોય. જોકે, મીડીયમ સાઈઝના નારિયેળમાં પણ વધુ પાણી નીકળે છે. નારિયેળમાં પાણીનું પ્રમાણ કેટલું છે તે જાણવા માટે તેને હલાવીને ચેક કરી શકાય છે. આ માટે નારિયેળને કાં પાસે રાખીને હલાવો. જો નારિયેળમાંથી વધુ અવાજ આવે તો સમજો કે તેમાં ઓછું પાણી છે. પરંતુ જો અવાજ ઓછો આવે તો સમજી લો કે પાણી વધુ છે. જો તમને બિલકુલ અવાજ ના આવે તો તે સૂકું નારિયેળ હોઈ શકે છે. તમે નારિયેળના કલરને જોઈને પણ તેમની પાણીની માત્રા પારખી શકો છો. નારિયેળ વધુ ગ્રે પેચ વિનાનું કે ગ્રીન સ્ટ્રીપ્સનું હોવું જોઈએ. ભૂરા, ગ્રીનીશ યલો કે ભૂરા રંગના પેચવાળા નારિયેળ ખરીદવાનું ટાળવું જોઈએ. કારણ કે તે વધુ પાકેલા કે વાસી હોઈ શકે છે. આ નારિયેળમાં પાણીની માત્રા ઓછી હોઈ શકે છે. જોકે, મલાઈ વધુ નીકળી શકે છે. આવું નારિયેળ મલાઈના શોખીનો માટે સારું રહી શકે છે. નારિયેળ પર વધુ પડતા ભૂરા રંગના પેચ હોય તો તે વધુ પાકેલું નીકળી શકે છે. નારિયેળ પાણીમાં તેની બનાવટ અને સાઈઝ ખૂબ મહત્વની છે. જ્યારે નારિયેળ મોટું થવાનું શરુ થાય છે, ત્યારે તે ગોળ હોય છે અને તેમાં પાણી હોય છે. પરંતુ જેમ જેમ તે વધુ મોટું થતું જાય છે, તેમ તેમ તેમાંનું પાણી સુકાવા લાગે છે અને આકાર બદલાવા લાગે છે. જેથી ગોળ નારિયેળ પસંદ કરવું જોઈએ. જોકે, આવા નારિયેળ માર્કેટમાં મળવા મુશ્કેલ છે. પરંતુ એકદમ લાંબા નારિયેળ ખરીદવાનું ટાળવું જોઈએ. સામાન્ય રીતે નારિયેળ ખરીદતી વખતે દુકાનદાર આપણને પૂછે છે.

# એસિડિટી અને તણાવ દૂર કરશે આ કાળા બીજ



તુલસીના છોડનું એટલું જ ધાર્મિક મહત્વ છે, જેટલું આયુર્વેદિક મહત્વ છે. તેના પાંદડા એન્ટીઓક્સીડેન્ટ અને બળતરા વિરોધી ગુણોથી ભરપૂર હોય છે. પરંતુ તમને જાણીને નવાઈ થશે કે તુલસીના બીજ પણ એટલા જ ઉપયોગી છે. તુલસીના બીજ શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. કારણ કે તુલસીના બીજમાં એન્ટીઓક્સીડેન્ટની સાથે મેગ્નેશિયમ, કેલ્શિયમ અને મલ્ટીવિટામીન પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. આ સિવાય ઉનાળામાં તે એનર્જી ડ્રિંકની જેમ કામ કરે છે. તેનું સેવન કરવાથી શરીરને પર્યાપ્ત માત્રામાં એનર્જી મળે છે. તુલસીના બીજમાં કુદરતી રીતે ડિટોક્સિફિકેશન ગુણ હોય છે, જે શરીરમાં રહેલી ગંદકીને દૂર કરવામાં મદદ કરે છે. શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે છે. તુલસીના બીજ તણાવ ઘટાડવામાં મદદ કરી શકે છે. કારણ કે તુલસીના બીજમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો શરીરમાં તણાવ ઓછો કરવામાં મદદરૂપ છે. આવી સ્થિતિમાં એક ગ્લાસ પાણીમાં તુલસીના બીજ ઉમેરીને સવારે તેનું સેવન કરવાથી આરામ મળે છે. સાથોસાથ તણાવ પણ ઓછો થાય છે. તુલસીના બીજ કુદરતી રીતે ઠંડક આપે છે. તુલસીના બીજમાં રહેલા ફાયદાકારક તત્વો એસિડિટીને શાંત કરે છે અને પેટની બળતરાથી રાહત આપે છે. પાચન પ્રક્રિયાને સંતુલિત રાખવામાં મદદ કરે છે, તેના માટે એક ગ્લાસ ગરમ પાણીમાં એક ચમચી જીરું અને ૨૫ ગ્રામ તુલસીના દાણાને પલાળી રાખો અને દરરોજ સવાર-સાંજ પીવાથી ચહેરા પરની શુષ્કતાની સમસ્યા દૂર થાય છે. સાથોસાથ ચહેરા પર ચમક લાવે છે. તુલસીના બીજને હંમેશા પલાળી રાખ્યા પછી જ ઉપયોગમાં કરવો જોઈએ. શિયાળા અને ઠંડીની ઋતુમાં તેનો ઉપયોગ કરશો નહીં. કારણ કે તેની હાનિકારક અસરો થઈ શકે છે.

## પપૈયુ ઉનાળામાં ખાવુ જોઈએ કે નહિ? જો તમે પણ છો કન્ફ્યુઝ, તો જાણો...



પપૈયું ખાવું શરીર માટે ફાયદાકારક માનવામાં આવે છે, પરંતુ ઘણા લોકો ઉનાળામાં તેનું સેવન કરવાનું ટાળે છે. તેઓ માને છે કે પપૈયા ગરમ છે અને તેને ખાવાથી તેઓ ઉનાળાની ઋતુમાં બીમાર પડી શકે છે. જો કે, નિષ્ણાત અભિપ્રાય આનાથી સંપૂર્ણપણે અલગ છે. તો ચાલો જાણીએ શું કહે છે. ગરમીની સીઝનમાં ખાન-પાનનું વધારે ધ્યાન રાખવાની જરૂરત છે. આ સીઝનમાં સૌથી વધારે પાણીથી ભરપૂર ફુડ્સનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. ફળોને દરેક સીઝન માટે ફાયદાકારક માનવામા આવે છે. ગરમીમાં લોકો તરબૂજ, ખરબૂજા, લીચી, પપૈયા, સંતરા સહિતના ફળો ખાવાનું પસંદ કરે છે., પરંતુ ઘણા લોકો આ સીઝનમાં પપૈયાનું સેવન નુકસાન કારક માને છે. કહેવામાં આવે છે કે પપૈયાની તાસીર ગરમ હોય સી હે અને એના સેવનથી શરીરમાં ગરમી પેદા થઈ શકે છે. સવાલ છે કે શું સાચો પપૈયું ગરમ હોય છે અને ગરમી ખાવાથી બચવું જોઈએ. આ ફળમાં ફાયબર ભરપૂર હોય છે અને પપૈયા નામક એંઝાઈમ હોય છે. દરેક સીઝનમાં પપૈયું ખાવાથી ગજબ ફાયદા થાય છે. પપૈયાને ગરમ માનવામાં આવતું નથી અને ગરમીમાં આને ખાવાથી કોઈ નુકસાન થતું નથી. પપૈયું આપણા પેટને ક્લીન કરવામાં મદદ કરે છે અને શરીરનું ફેટ ઓછું કરે છે. આ ફળ લીવરની સફાઈ માટે પણ ખુબ ફાયદાકારક છે. કબ્જથી પરેશાન લોકો માટે પપૈયું રામબાણ માનવામાં આવે છે. આ પેટમાં જામેલી ગંદકીને દૂર કરી કબજથી રાહત આપાવે છે. ડાયટિશિયન કામિનીએ જણાવ્યું કે પપૈયાની પીળાસથી કમળાના દર્દીઓને પણ ફાયદો થાય છે. એમા ઘણા એવા તત્વો હોય છે, જે આપણા શરીરમાં બનવા વાળા બિલીરૂબિનને કંટ્રોલ કરે છે. એનાથી શરીરમાં કમળોનો ખતરો ઓછો થઈ જાય છે. પપૈયું ખાવાથી આપણું ડાયજેશન બુસ્ટ થાય છે અને પેટ સાથે જોડાયેલી સમસ્યા દૂર થાય છે. આમ તો પપૈયું વધુ લોકો ખાતા નથી, પરંતુ પ્રેગ્નેન્ટ મહિલાઓએ પપૈયું ઓવોઇડ કરવું જોઈએ. પ્રેગ્નેન્સીના શરૂઆતી ત્રણ મહિનામાં મહિલાઓએ ભૂલથી પણ પપૈયું નહિ ખાવું જોઈએ.

BOLLYWOOD NEWS FLASH

## ‘બોલિવૂડમાં સાઉથ કરતાં ૧૦ ગણી મોટી ક્રૂ રખાય છે’



### રવિના ટંડને હિન્દી-સાઉથના ફિલ્મમેકર્સની પદ્ધતિ-માનસિકતા વચ્ચેનો ફરક જણાવ્યો

રવિના ટંડને વર્ષોની કરિયરમાં અનેક ઈન્ડસ્ટ્રી સાથે કામ કરેલું છે અને તેથી સાઉથ તથા હિન્દી સિનેમા વચ્ચેના ફરક સારી રીતે સમજે છે. આ બંને ઈન્ડસ્ટ્રી વચ્ચે મહત્ત્વના ફરક અંગે વાત કરતાં રવિનાએ જણાવ્યું હતું કે, ફિલ્મની ક્રૂ બાબતે બંનેની ગણતરીમાં મોટો ફરક જોવા મળે છે. સાઉથની ફિલ્મોમાં જે કામ માત્ર ૯ માણસથી થઈ શકે છે, તેના માટે બોલિવૂડમાં ૨૦૦ વ્યક્તિની ટીમ રોકવામાં આવે છે. ઉદાહરણ માટે રવિનાએ ૧૯૯૫માં ‘તકદીરવાલા’ ફિલ્મમાં કામ કરવાનો અનુભવ જણાવ્યો હતો. સાઉથ સિનેમા પાસે બજેટ ઓછું હોય છે. આ મર્યાદાના કારણે ફિલ્મમાં કોઈ કચાશ રહેતી નથી, પરંતુ તેઓ પોતાના સોસીસને વધારે કરકસરથી અને અસરકારક રીતે ઉપયોગમાં લેતા હોય છે. ‘તકદીરવાલા’માં વેંકટેશનો લીડ રોલ હતો અને હૈદરાબાદનું પ્રોડક્શન હાઉસ તેને બનાવતું હતું. અમે પાંચ ગીત મોરેશિયસમાં શૂટ કર્યા હતા અને તેના માટે ક્રૂમાં માત્ર ૯ સભ્ય હતા. લાઈટમેન, જનરેટર કે લાઈટ જેવી કોઈ વસ્તુ ન હતી. માત્ર બે બેબી લાઈટ્સ અને રિફ્લેક્ટરથી ગીતો શૂટ થયા હતા. તેલુગુ ફિલ્મ ‘યમલીલા’ની રીમેક ‘તકદીરવાલા’ હતી આ ફિલ્મમાં ખૂબ ઓછા બજેટ સાથે સારું કામ થઈ શક્યુ હતું. આઉટડોર હિન્દી સોન્ગ માટે ક્રૂમાં ૨૦૦ વ્યક્તિ રાખવામાં આવે છે. જે કામ ૧૦ લોકો સાથે પૂરું કરી શકાય તેમ હોય છે, તેના માટે ૨૦૦ વ્યક્તિને સાથે રાખવાની જરૂરિયાત સમજી શકાતી નથી.

માતાના નિધન બાદ પણ તેમણે આ પરંપરા જાળવી રાખી

## રાજકુમાર રાવ ૧૬ વર્ષની ઉંમરથી શુક્રવારે સંતોષી માનું વ્રત રાખે છે

### તાજેતરમાં રિલીઝ થયેલી ‘શ્રીકાંત’માં રાજકુમારની એક્ટિંગને સામાન્ય ઓડિયન્સથી માંડીને મોટાં સ્ટાર્સે વખાણી હતી



બોલિવૂડના નવી પેઢીના એક્ટર્સમાં મક્કમ ગતિએ રાજકુમાર રાવ આગેકૂચ કરી રહ્યા છે. તાજેતરમાં રિલીઝ થયેલી ‘શ્રીકાંત’માં રાજકુમાર રાવની એક્ટિંગને સામાન્ય ઓડિયન્સથી માંડીને મોટાં સ્ટાર્સે વખાણી છે. રાજકુમાર હાલ આગામી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેમણે ફિલ્મના પ્રમોશન દરમિયાન પોતાની માતા તરફથી મળેલા અમૂલ્ય વારસા અંગે વાત કરી હતી. રાજકુમારે જણાવ્યું હતુ કે, તેઓ ૧૬ વર્ષની ઉંમરથી દર શુક્રવારે સંતોષી માતાનું વ્રત રાખે છે. માતાએ વારસામાં વ્રત કરવાની પરંપરા આપી હતી અને માતાના નિધન બાદ પણ તેમણે આ પરંપરા જાળવી રાખી છે. રાજકુમાર દર શુક્રવારે સંતોષી માતાનું વ્રત રાખે છે. રાજકુમાર રાવના માતા કમલ યાદવ આ વ્રત કરતા હતા. નાનપણથી જ રાજકુમારે પોતાની માતાનું અનુસરણ કર્યું હતું. ૧૬ વર્ષની ઉંમરતી આ વ્રતને તેઓ નિષ્ઠાથી કરી રહ્યા છે. ૨૦૧૯માં રાજકુમારના માતાના નિધન બાદ પણ તેઓ આ વ્રત કરી રહ્યા છે. પ્રમોશન અને શૂટિંગ દરમિયાન આ વ્રત કરવાનું રાજકુમાર માટે પડકારજનક હોય છે.

પ્રભાસે અશ્વિની દત્તના ઇન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષની સફરને પણ બિરદાવી

## બચ્ચન અને કમલ હાસનની પેઢીના કલાકાર પાસેથી ઘણું શીખવા મળ્યુ



પ્રભાસે ‘કલ્કિ’ના પોતાના ફ્યુચરિસ્ટિક એઆઈ વ્હીકલ બુજ્જીના લોંચ પ્રસંગે ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને કમલ હસન સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. તાજેતરમાં ‘કલ્કિ ૨૮૯૮ એડી’ ફિલ્મમાં પ્રભાસના પાત્રનું ફ્યુચરિસ્ટિક એઆઈ વ્હિકીલ અને ફિલ્મમાં પ્રભાસના પાત્રનું બેસ્ટ ફ્રેન્ડ ‘બુજ્જી’ લોંચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભાસે નાગ અશ્વિન દિગ્દર્શિત ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને કમલ હસન જેવા લિજેન્ડ્રી કલાકારો સાથે કામ કરવાના અનુભવની ઉત્સાહપૂર્વક વાત કરી હતી. પ્રભાસે કહ્યું કે, તેને આ પેઢીના કલાકારો પાસેથી ઘણી પ્રેરણા મળી છે. તેણે કહ્યું કે તે પોતાની જાતને નસીબદાર માને છે કે તેને આવા કલાકારો સાથે સ્ક્રીન શેર કરવા મળી હતી. આ દિગ્ગજો સાથે કામ કરીને તેને ઘણુ શીખવા મળ્યું હોવાનું પણ પ્રભાસે જણાવ્યું હતું. પ્રભાસે કહ્યું કે, ‘‘‘કલકી ૨૮૯૮ એડી’નો ભાગ બનવા માટે હું અમિતાભ બચ્ચન સર અને કમલ હસન સરનો ખૂબ આભારી છું. હું ડિરેક્ટર નાગી અને પ્રોડ્યુસર અશ્વિની દત્તનો પણ આભારી છું કે મને આ ફિલ્મમાં કામ કરવાની તક આપી.’’

### ૧૯૮૩માં ‘સાગરા સંગમ’ જોઈને માતા પાસે કપડાંની જિદ કરી હતી

આ સ્પીચમાં પ્રભાસે કમલ હસન વિશે વાત કરતાં પોતાની બાળપણની યાદો પણ તાજી કરી હતી. પ્રભાસે કહ્યું કે, તેણે ૧૯૮૩માં ‘સાગરા સંગમ’ જોઈને પોતાની માતા પાસે કમલ હસન જેવા કપડાંની જિદ કરી હતી. આ સાથે પ્રભાસે દીપિકા પાદુકોણને સૌથી ગોર્જિયસ અને સુંદર સુપરસ્ટાર ગણાવી હતી. જ્યારે કલ્કિની અન્ય કો-સ્ટાર દિશા પટણીને તેણે હોટ સ્ટાર ગણાવી હતી.


# અમિતાભ સાથે કામ મળ્યું ત્યારે આનંદમાં કૂદાકૂદ કરીઃ અદિતિ

### અદિતિએ તાજેતરમાં જ આપેલાં એક ઇન્ટરવ્યૂમાં રણવીર સિંઘ અને રણબીર કપૂર સાથે કામ કરવાના પોતાના અનુભવો શેર કર્યા હતા



અદિતિ રાવ હૈદરીએ તાજેતરમાં જ આપેલાં એક ઈન્ટરવ્યૂમાં રણવીર સિંઘ અને રણબીર કપૂર સાથે કામ કરવાના પોતાના અનુભવો શેર કર્યા હતા. હાલ અદિતિ ‘હીરામંડી’ના કારણે લાઈમલાઇટમાં છે, તેણે સંજય લીલા ભણસાલીના પણ વખાણ કર્યા હતા, જેમની સાથે તે ‘પદ્માવત’માં પણ કામ કરી ચૂકી છે. તેણે આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે તેની મણિરત્નમ સાથેની ફિલ્મનું શૂટિંગ પૂરું થયું અને તે સંજય લીલા ભણસાલીના સેટ પર પહોંચી ગઈ. તેણે કહ્યું કે આ અનુભવ અતુલ્ય અને ખુબ ભાવુક થઈ જવાય એવો હતો. અદિતીએ બિજોય નામ્બિયારની ફિલ્મ ‘વઝીર’માં અમિતાભ બચ્ચન સાથે કામ કરવાનો અનુભવ પણ જણાવ્યો હતો. “જ્યારે મને કહેવામાં આવ્યું કે હું વઝીરમાં તેમની સાથે કામ કરવાની છું ત્યારે હું ઉત્સાહ અને આનંદમાં કૂદાકૂદ કરતી હતી. મને લાગતું નહોતું કે મને ક્યારેય તેમની સાથે કામ કરવાની તક મળશે. તેમની આસપાસ રહેવું જ એક અલગ અનુભવ હતો. એ કેવું હતું એ હું શબ્દોમાં વ્યક્ત પણ કરી શકતી નથી. તેમની હાજરીમાં એવું આકર્ષણ છે કે એ જેવા રૂમમાં પ્રવેશે કે તમને ઊભા થઈ જવાનું મન થાય. પરંતુ તેઓ જ્યારે સેટ પર હોય છે તો મનમાં એક બાળક જેવી ઉત્સુકતા પણ હોય છે. તેમને એ રીતે જોવાની બહુ મજા પડે છે.’’ સંજય લીલા ભણસાલીના સેટ પર તેનો પહેલો જ સીન રણવીર સિંઘ સાથે હતો, જેને તે ઈન્ડસ્ટ્રીમાં તેમના શરૂઆતના દિવસોથી ઓળખતી હતી. “રણવીરે મને કહ્યું, ‘આદુ, તને ખબર છે કે તું સપનામાં જીવી રહી છું, સાચ્ચે?’ મણિરત્નમના સેટ પરથી સંજય લીલા ભણસાલીના સેટ પર. એણે મને ઢંઢોળી નાંખી અને મને લાગ્યું,‘તારી વાત સાચી છે, ખરેખર.’ એ ખરેખર અમૂલ્ય ક્ષણો હતી.’’ અદિતિએ રણબીર કપૂર સાથે ‘રોકસ્ટાર’ના અનુભવોની પણ વાત કરી. અદિતિએ કહ્યું, “રણબીર સાથે કામ કરવું જોરદાર હતું. એ ગજબ છે, ગજબ. એ મારા બહુ ગમતા કલાકારોમાંનો એક છે અને એ બહુ પ્રેઝન્ટ છે. એ તમને કોઈ પણ બાબત માટે કન્વીન્સ કરી શકે છે.’’ સંજય લીલા ભણસાલી સાથેના અનુભવ વિશે અન્ય એક ઈન્ટરવ્યૂમાં અદિતિએ કહ્યું કે, “હું એમના માટે બહુ પ્રોટેક્ટિવ છું, મને લાગે છે કે એ પ્રેશિયસ છે અને મારે તેમનું ધ્યાન રાખવું જોઈએ. મારા માટે આ એમના તરફથી મળેલા આશીર્વાદ છે... ‘હિરામંડી’માં ‘બિબ્બોજાન’, મને લાગે છે કે હું જે વ્યક્તિને પ્રેમ કરું છું અને જેમનું સન્માન કરું છું તેમની સાથે મને વધુ સમય વિતાવવા મળ્યો. મને એક સંપૂર્ણ જીવન જીવવા મળ્યું. મને એક જિનિયસની આસપાસ રહીને ઘણું ગ્રહણ કરવા મળ્યું. મને લાગે છે કે સંજય જેવા ડિરેક્ટર્સ સાથે એક, બે કે ત્રણ વખત કામ કરવું પૂરતું નથી. એમની સાથે વધુને વધુ કામ કરવાનું મન થાય છે.





ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર અને ડૉ. સુદેશ ધનખરે આજે લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત નવી દિલ્હીમાં CPWD સર્વિસ સેન્ટર, નોર્થ એવન્યુ ખાતે સ્થાપિત મતદાન મથક પર પોતાનો મત આપ્યો. મતદાન કર્યા બાદ ઉપરાષ્ટ્રપતિ ધનખરે કહ્યું કે, લોકતંત્રના આ મહાપર્વમાં મતદાન કરવું "આપણી ફરજ અને અધિકાર બંને છે."

## સીડીએસ જનરલ અનિલ ચૌહાણે બેંગલુરુમાં એરક્રાફ્ટ એન્ડ સિસ્ટમ્સ ટેસ્ટિંગ એસ્ટાબ્લિશમેન્ટ એન્ડ એરફોર્સ ટેસ્ટ પાઇલટ્સ સ્કૂલની મુલાકાત લીધી



। નવી દિલ્હી, તા.૨૫ ।

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણે ૨૪ મે ૨૦૨૪ના રોજ બેંગલુરુમાં એરક્રાફ્ટ એન્ડ સિસ્ટમ્સ ટેસ્ટિંગ એસ્ટાબ્લિશમેન્ટ (એએસટીઈ) અને એરફોર્સ ટેસ્ટ પાયલટ સ્કૂલ (એએફટીપીએસ)ની મુલાકાત લીધી હતી. એક ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને તેમણે સ્મારક પર પુષ્પાંજલિ



અર્પણ કરી, જે ઉડ્ડયન પરીક્ષણ કરતી વખતે ભારતીય પરીક્ષણ ક્રૂ અને વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા સર્વોચ્ચ બલિદાનનું સન્માન કરે છે. તેમના પ્રવાસના ભાગરૂપે તેમને આઈએએફની આ વિશિષ્ટ સંસ્થાઓની સંગઠનાત્મક ભૂમિકાના પાસાઓની સાથે-સાથે એએસટીઈમાં ચાલી રહેલા પરીક્ષણો અને એએફટીપીએસની ફ્લાઈટ ટેસ્ટ તાલીમ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે આત્મનિર્ભર ભારત તાલીમ અને બુનિયાદી માળખાના ભાગ રૂપે મોટા સ્વદેશી પ્રોજેક્ટ્સના નિદર્શન સાથે એએસટીઈ અને એએફટીપીએસમાં ઉપલબ્ધ સુવિધાઓની આસપાસ હાથ ધરવામાં આવ્યા હતા. સીડીએસએ સારી રીતે સંગ્રહિત એએસટીઈ સંગ્રહાલયની પણ મુલાકાત લીધી હતી, જેમાં એએસટીઈ અને એએફટીપીએસની પાંચ દાયકાની લાંબી સફરમાં નોંધપાત્ર ઐતિહાસિક સીમાચિહ્નો દર્શાવતી કલાકૃતિઓ છે. જનરલ અનિલ ચૌહાણે એએફટીપીએસ ખાતે યોજાયેલા ૪૬મી ફ્લાઈટ ટેસ્ટ કોર્સના સમાપન સમારંભની અધ્યક્ષતા કરી હતી. કુલ ૧૭ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા છે. આ કાર્યક્રમનું આયોજન એએસટીઈ દ્વારા પરંપરાગત સુરંજનદાસ ડિનર તરીકે કરવામાં આવ્યું હતું, જેમાં માત્ર સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ તેમના જીવનસાથીઓને પણ લાયકાતનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. પાંચ વિદ્યાર્થીઓને વિવિધ કેટેગરી હેઠળ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ ટ્રોફીઓ પણ એનાયત કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા તેમાં શ્રેષ્ઠ ટેસ્ટ પાયલટ માટે સુરંજન દાસ ટ્રોફી સાથે સ્ક્વોડ્રન લીડર એ બેરવાલ,શ્રેષ્ઠ ફ્લાઈટ મૂલ્યાંકન માટે સીએએસ ટ્રોફી સ્ક્વોડ્રન લીડર કપિલ યાદવ, બેસ્ટ ફ્લાઈટ મૂલ્યાંકન માટે સ્ક્વોડ્રન લીડર વી સુપ્રિયા, મહારાજા હનુમંત સિંહજી સ્વોર્ડનો સર્વશ્રેષ્ઠ એફટીઆઈથી સ્ક્વોડ્રન લીડર રજનીશ રાયને સન્માનિત કરવામાં આવ્યા. જમીની વિષયોમાં સર્વશ્રેષ્ઠ માટે કપિલ ભાર્ગવ ટ્રોફી અને સૌથી આશાસ્પદ એફટીઈ અને ફ્લાઈટ મૂલ્યાંકન માટે લેફ્ટનન્ટ કમાન્ડર ગૌરવ ત્યાગીને ડનલોપ ટ્રોફી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે ભારતીય વાયુસેનાના એઓસી-ઈન-સી ટ્રેનિંગ કમાન્ડ અને અનુભવી ટેસ્ટ ક્રૂએ પણ હાજરી આપી હતી. એકેડેમિક વિહંગાવલોકન અને કોર્સના અંતનો અહેવાલ ઓફિસર કમાન્ડિંગ એએફટીપીએસ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે ત્રણેય સેવાઓ એચએએલ, ડીઆરડીઓ અને મૈત્રીપૂર્ણ વિદેશી રાષ્ટ્રોના અધિકારીઓને ફ્લાઈટ ટેસ્ટ તાલીમ આપવા માટે ડિ-ફેક્ટો સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સંસ્થા દ્વારા ભજવવામાં આવતી ભારતીય તટરક્ષક દળના અધિકારીઓને ઉડાન પરીક્ષણ પ્રશિક્ષણ પ્રદાન કરવા માટે વાસ્તવિક ઉત્કૃષ્ટતા કેન્દ્રના રુપમાં સંસ્થા દ્વારા નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. સીડીએસએ પોતાનાં સમાપન સમારંભમાં એએફટીપીએસનાં કમાન્ડન્ટ એએસટીઈ અને એએફટીપીએસનાં તમામ સ્ટાફને આ વિશિષ્ટ ક્ષેત્રમાં તાલીમનાં સર્વોચ્ચ માપદંડો જાળવવા બદલ તથા દેશનાં સૈન્ય ઉડ્ડયન વાતાવરણને સુધારવા સહિત ભારતીય હવાઈ દળની ક્ષમતા નિર્માણ અને આધુનિકીકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા માટે અભિનંદન પાઠવ્યાં હતાં.

# ઝાલોદ તાલુકાની બાલિકા પ્રેમમાં અંધ બની દેહ વ્યાપારમા સપડાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ તાલુકાની ૧૨ વર્ષની નિર્દોષ બાળા ન કરવાની ઉમરે પ્રેમ કરી બેસી અને તે બાલિકા ખોટી વ્યક્તિઓના સંપર્કમાં આવતા દેહ વ્યાપારમા સપડાઈ ગઈ. ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ મથકે ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ ઈ.પી.કો કલમ ૩૬૩,૩૬૬ મુજબ ગુન્હો રજીસ્ટર થયેલ હતો તેની તપાસ પો.સ.ઈ એચ. સી.રાઠવા કરી રહેલ હતા. સદર ગુનામાં ભોગ બનનાર બાલિકાને લીલેશ રસુ ચરપોટ, ટીંબી ફળીયા, ચાકલીયા તેના ઘરે થી મોટર સાયકલ પર બેસાડી તેના ઘરેથી અપહરણ કરી લીમખેડા મુકામે લઈ ગયેલ હતો અને ત્યાંથી સુરત જતી બસમાં બેસાડી દીધેલ હતી. જેની પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી શોધખોળ કરવામાં આવી રહેલ હતી. આ બાલિકા અચાનક તેના ફોઈના ત્યાં આવેલ હોવાની બાતમી મળતાં પોલીસ દ્વારા તેને પોલીસ સ્ટેશનમા લાવી બાળ કલ્યાણ સપોર્ટ ટીમની હાજરીમાં પૂછપરછ કરાતા બાલિકા એ પોતાની આપવીતી કહી હતી.

બાલિકાની પૂછપરછ કરાતા તેને કહ્યું કે ૦૩-૧૨-૨૦૨૨ ના રોજ લીલેશ રસુ ચરપોટ તેને પત્ની તરીકે રાખવા પટાવી ફોસલાવી બાઈક પર બાલિકાના ઘરેથી બેસાડી લીમખેડા લઈ ગયેલ હતો અને ત્યાંથી તે બાળકીને લીલેશ દ્વારા હું પાછળથી આવું છે તેમ કહી સુરત જતી બસમાં બેસાડી દીધેલ હતી. સુરતમાં બાલીકા ઉતરતા ત્યાં સુરત બસ સ્ટેશન પર બાલિકાને એકલી જોઈ રાહુલ નામના ઈસમે તેને ફોસલાવી હોટેલમાં લઈ જઈ તેના સાથે દુષ્કર્મ આચર્યું હતું અને દુષ્કર્મ આચરી તેને ફરી બસ સ્ટેશન પર મૂકી જતો રહેલ હતો. ત્યારબાદ સુરત બસ સ્ટેશન પરઆ બાલિકા પૂજા ઉર્ફે સારીયા નામની સ્ત્રી અને આનંદ નામના પુરુષના સંપર્કમા આવી હતી અને તેમની વાતોમાં આવી તેમના ઘરે ચારથી પાંચ દિવસનુ રોકાણ કરી ત્યારબાદ બાલિકાને આ વ્યક્તિઓ સુરતથી વારાણસી (ઉત્તરપ્રદેશ) લઈ જઈ ત્યાં દેહ વ્યાપાર કરાવે છે અને આસરે સાત મહિનાથી વધુ દેહ વ્યાપાર કરાવી તેઓ તેને અન્ય વ્યક્તિને સોંપી દે છે તે વ્યકિત દ્વારા પણ આ બાલિકાનુ શારીરીક શોષણ કરી તેને અન્ય વ્યક્તિને સોંપી દે છે અને અન્ય વ્યક્તિ પણ તેને આસરે દસ મહિનાથી વધુ સમયથી દેહ વ્યાપાર કરાવેલ હતું.

આ સમગ્ર હકીકત જાણી પોલીસ ચોંકી ઉઠી હતી અને બાલિકાના કહ્યા મુજબ આગળની કાયદેસરની તપાસ આદરી આદરી હતી. પોલીસ દ્વારા સમગ્ર ઘટનામાં ઝિણવટ ભરી તપાસ આદરી હતી અને તપાસ કરી આસરે પાંચ વ્યક્તિની અટકાયત કરી હતી આ અટકાયતમાં ત્રણ પુરુષ અને બે મહિલાનો સમાવેશ થાય છે. આ તમામને પકડી પાડી ભોગ બનનાર બાલિકાને તેના માતા પિતાને સોંપવા તજવીજ હાથ ધરેલ છે.

# કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના હસ્તે સિવિલ ડિફેન્સ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ સાત વોલેંટીયર્સને સન્માનિત કરાયા

### સિવિલ ડિફેન્સ હેઠળની કુલ ૧૨ પ્રકારની નાગરિક સેવાઓમાં વિશિષ્ટ કામગીરી કરવા બદલ વોલેંટીયરની પસંદગી બાદ સન્માન કરાયું









। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના હસ્તે સિવિલ ડિફેન્સ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીકરનારવોલેંટીયર્સનેસન્માનિતકરવામાં આવ્યા છે. જેમાં રાષ્ટ્રપતિ સ્તરના પાંચ અને રાજ્યપાલ સ્તરના બે એમ કુલ સાત એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. વિવિધ વર્ષો દરમિયાન જાહેર થયેલા એવોર્ડ વિજેતાઓમાં શ્રી હર્ષદકુમાર નાયક, શ્રી પ્રણવ જોશી, શ્રી આલોક રોય, શ્રી ઋત્વિક જોશી, શ્રી મહોમ્મદ મલેક એમ કુલ પાંચ વોલેંટીયર્સને રાષ્ટ્રપતિ સ્તરના મેડલ અને શ્રી નંદુભાઈ પટેલ અને શ્રી જનકરાય શુકલને રાજ્યપાલ સ્તરના મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે સિવિલ ડિફેન્સ હેઠળ કુલ ૧૨ પ્રકારની નાગરિક સેવાઓનો સમાવેશ થાય છે. જેમાં કોઈ વિશિષ્ટ કામગીરી કરનાર વોલેંટીયરના નામની ભલામણ કેન્દ્ર સરકારને કરવામાં આવે છે. તેમાંથી આખરી પસંદગી બાદ જે તે વ્યક્તિનું નામ નિર્ધારિત કરવામાં આવે છે. આમ, આ એવોર્ડ વોલેંટીયર માટે પ્રબળ પ્રેરણા પૂરી પાડનારા બની રહે છે.

## ભારતના પગે પડી ગયું માલદીવ!!

# ટૂંક સમયમાં ભારતીય પ્રવાસીઓ માટે વિશેષ સેવાઓ શરૂ કરવમ આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

માલદીવને ભારત સાથે સંબંધ ખરાબ કરવો ખુબ જ મોંઘો પડી રહ્યો છે. એટલેજ તો માલદીવ સરકારે માફી માંગી અને ભારતીયોને તેમના સ્થાનની મુલાકાત લેવા વિનંતી કરી હતી, જો કે માલદીવના એક મંત્રીએ તો ત્યાં સુધી કહ્યું કે જો ભારત પોતાની નારાજગીનો અંત નહીં લાવે તો અમે બરબાદ થઈ જઈશું. માલદીવના મંત્રીએ કહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં ભારતીય પ્રવાસીઓ માટે વિશેષ સેવાઓ શરૂ કરશે. માલદીવના આર્થિક વિકાસ અને વેપાર પ્રધાન મોહમ્મદ સઈદે કહ્યું, અમે અહીં ભારતની રૂપેય સેવા શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. આ અંગે બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી હતી. આ સુવિધા શરૂ થયા બાદ માલદીવ આવતા ભારતીય પ્રવાસીઓ રૂપિયામાં ચૂકવણી કરી શકશે. જો કે, તેની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી, પરંતુ ટૂંક સમયમાં તેના પર અંતિમ નિર્ણય લેવામાં આવી શકે તેમ છે. રૂપેય ક્રૂઅ સેવા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ રૂપેય સેવા શરૂ કરી છે. આ તેના પ્રકારનું પ્રથમ ભારતીય ઉત્પાદન છે, જે વૈશ્વિક કાર્ડ પેમેન્ટ નેટવર્ક સાથે જોડાયેલ છે. તે અત્યાર સુધી ઘણા દેશોમાં સ્વીકારવામાં આવ્યું છે. એટીએમ ઉપરાંત, રૂપેય કાર્ડનો ઉપયોગ પચપીઓએસ મશીનો અને ઈ-કોમર્સ વેબસાઈટ પર પણ થઈ શકે છે.

માલદીવના મંત્રીએ કહ્યું કે આનાથી આપણી કરન્સી પણ મજબૂત થશે. વિશ્વભરમાં ડૉલરને લઈને વધતી જતી ચિંતાઓ વચ્ચે, ભારત જેવા દેશ સાથે સ્થાનિક ચલણમાં વેપાર આર્થિક મજબૂતી પ્રદાન કરશે. ઓગસ્ટ ૨૦૨૨માં તત્કાલિન રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલેહે કહ્યું હતું કે બંને દેશોના નેતાઓ માલદીવમાં રુપે કાર્ડની રજૂઆત પર ચર્ચા કરી રહ્યા હતા. તેનાથી દ્વિપક્ષીય પર્યટન અને વેપાર વધારવામાં મદદ મળશે. માલદીવ્સનું કહેવું છે કે ભારત અને ચીન બંને પોતાની સ્થાનિક ચલણમાં તેની સાથે વેપાર કરવા સંમત થયા હતા. મતલબ કે આયાતની ચૂકવણી ડોલરને બદલે રૂપિયામાં કરી શકાય છે. આનાથી બંને દેશો વચ્ચેના ૧.૫ મિલિયન ડોલરના આયાત બિલ પર ૫૦ ટકા સુધીની બચત કરવામાં મદદ મળશે. આનો અર્થ એ છે કે માલદીવ ભારત સાથે રૂપિયામાં વેપાર કરીને લગભગ ૭.૫ લાખ ડોલર બચાવી શકશે. ભારતે જુલાઈ ૨૦૨૩માં જ કહ્યું હતું કે આ ૨૨ દેશોમાં માલદીવ પણ સામેલ છે, જે અમારી સાથે સ્થાનિક ચલણમાં વેપાર કરવા ઈચ્છુક છે.

# મંત્રી પુરુષોત્તમ સોલંકીના ૬૪મા જન્મદિવસની ઉજવણીમાં ઉમટ્યા કોળી સમાજના આગેવાનો અને યુવાનો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગજરાત સરકારમાં મત્સ્યોદ્યોગ વિભાગનો હવાલો સંભાળતા રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકીનો ગાંધીનગર ખાતે જન્મદિવસ ઊજવવામાં આવ્યો હતો. કદાવર કોળી નેતાના આ ૬૪મા જન્મદિવસની ઉજવણી ગાંધીનગર સ્થિત મંત્રી આવાસમાં કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનો અને યુવાનો ઊમટી પડ્યા હતા. પરસોત્તમ સોલંકીએ ૬૪મા જન્મદિવસે ઉજવણી દરમિયાન નિવેદન આપતા કહ્યું કે, તમને લાગતું હશે કે હું વીક છું, પણ દોઢ મહિનો સારવાર કરીને પાછો આવી ગયો છું. આપણે કોઈને નડવુ નથી. મારા દરવાજા તમારા માટે કાયમ ખુલ્લા છે. ભાવનગર નહિ, તો ગાંધીનગરના દરવાજા કાયમી ખુલ્લા છે. કોઈને તકલીફ હોય તો પરસોત્તમ સોલંકીનો દરવાજો હંમેશા ખુલ્લો હોય છે. આપણે કોઈથી ડરવાનું શીખ્યા નથી.. કોઈથી ડર્યો નથી. મંત્રી પુરુષોત્તમ સોલંકીએ વધુમાં કહ્યું હતું કે, બધાને લાગતું હશે કે પુરુષોત્તમભાઈ વીક થઈ ગયા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. પ્રોપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. તમારા પરિવારના સભ્યો કહે છે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ-પણ તમારે તમના અનુભવોમાંથી શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે, પણ તમારે પોતાના મગજ શાંત રાખીને પરિસ્થિતિ ની યોગ્યતા સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજનો દિવસ ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો રહેશે જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. તમે જીવનમાં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**કર્ક (ડ,હ) :**

આજે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.

**સિંહ (મ,ટ) :**

જો કદાચ તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલમાં જઈ શકો છો. આજે તમારા માતા-પિતા તમારા જીવનસાથીને કોઈક ખરેખર અદભુત આશીર્વાદ આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થવાણી શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજથી શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે। પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

**મકર (ખ,જ) :**

આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે. તમારા લગ્નજીવનમાં આજનો દિવસ વિશિષ્ટ છે, આજે તમને કશુંક ખરેખર અસાધારણ અનુભવવા મળશે.

### ૨.૪૪ કરોડની વસૂલાત નોટિસ પર સ્ટે

# ઉત્તરાખંડ હાઈકોર્ટથી હલ્દવાની રમખાણોના આરોપીઓને રાહત

## હિંસા દરમિયાન અનેક વાહનોની સાથે પોલીસ સ્ટેશનને ઘેરી લેવામાં આવ્યું હતું અને આગ ચાંપી દેવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ઉત્તરાખંડ હાઈકોર્ટે હલ્દવાનીના બાનભૂલપુરા રમખાણોના આરોપી અબ્દુલ મલિકને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોકલવામાં આવેલી રૂ. ૨.૪૪ કરોડની રિકવરી નોટિસ પર સુનાવણી કરી. આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રિકવરી નોટિસ પર સ્ટે મૂકી દીધો છે. વાસ્તવમાં, ૮ ફેબ્રુઆરીએ, બનભૂલપુરા વિસ્તારમાં અતિક્રમણ હટાવવા ગયેલી વહીવટીતંત્ર અને પોલીસ ટીમ પર પથ્થરમારો, આગચંપી અને ગોળીબાર થયો હતો. હિંસા દરમિયાન અનેક વાહનોની સાથે પોલીસ સ્ટેશનને ઘેરી લેવામાં આવ્યું હતું અને આગ ચાંપી દેવામાં આવી હતી. હિંસામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં



૧૦૦થી વધુ પોલીસકમીઓ ઘાયલ થયા હતા. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે આ વિસ્તારમાં કર્ફ્યુ લાદવો પડ્યો હતો.

આ સમયગાળા દરમિયાન નગરપાલિકા અને સરકારી મિલકતોને ભારે નુકસાન થયું હતું. તેની આકારણી કર્યા પછી, મહાનગરપાલિકાએ મુખ્ય આરોપી અબ્દુલ મલિકને નુકસાનની ભરપાઈ કરવા માટે રિકવરી નોટિસ ફટકારી હતી. પોલીસે આ કેસમાં અબ્દુલ મલિક, તેની પત્ની સફિયા મલિક અને તેમના પુત્રની ધરપકડ કરી હતી.આ હિંસામાં ૧૦૦થી વધુ પોલીસકમીઓ ઘાયલ થયા બાદ સીએમ ધામીએ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી.

૮ ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ વાગ્યે શરૂ થયેલી આ હિંસા આખા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ગુસ્સે ભરાયેલા લોકોએ પોલીસ સ્ટેશનની બહાર ઉભેલા પોલીસ અને મીડિયા કર્મચારીઓના ડઝનબંધ વાહનોને આગ ચાંપી દીધી હતી.પ્રાથમિક તપાસ બાદ સામે આવ્યું છે કે કાર્યવાહી કરવા પહોંચેલી પોલીસ પ્રશાસનની ટીમે અડધી તૈયારી કરી હતી, જેના કારણે દરેકને પરિણામ ભોગવવા પડ્યા હતા.

### સુરતની ફેક્ટરીમાં બનાવટી મસાલો બનતો હતો

# મુંબઈમાં લાખોની કિંમતનો નકલી મેગી મસાલા અને એવરેસ્ટ મસાલા ઝડપાયા

## મુંબઈની ભિવંડી શાંતિ નગર પોલીસે લાખો રૂપિયાની કિંમતનો ડુપ્લિકેટ મેગી મસાલા અને એવરેસ્ટ મસાલા જપ્ત કર્યા છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મુંબઈની ભિવંડી શાંતિ નગર પોલીસે લાખો રૂપિયાની કિંમતનો ડુપ્લિકેટ મેગી મસાલા અને એવરેસ્ટ મસાલા જપ્ત કર્યા છે. પોલીસે આ કેસમાં બે આરોપીઓની પણ ધરપકડ કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ રેકેટના દોરા ગુજરાતના સુરતની એક ફેક્ટરી સાથે જોડાયેલા છે. પોલીસે કારખાનેદારને નોટિસ પણ આપી છે. જો તમે મેગી મસાલા અથવા એવરેસ્ટ મસાલા ખાવાના શોખીન છો અથવા તમે તમારા ઘરમાં આ મસાલાનો ઉપયોગ કરો છો, તો આ સમાચાર તમારા માટે છે. આ મસાલાનો ઉપયોગ કરતા પહેલા ખાતરી કરો કે તમે જે મસાલાનો ઉપયોગ કરી રહ્યા છો તે નકલી નથી. હા, આવો મોટો ખુલાસો મુંબઈને અડીને આવેલા



ભિવંડીની શાંતિ નગર પોલીસે કર્યો છે. પોલીસે ફેક્ટરી પર દરોડો પાડી લાખો રૂપિયાની કિંમતનો ડુપ્લીકેટ મેગી મસાલા અને એવરેસ્ટ મસાલા કબજે કર્યા હતા. આ ઉપરાંત આ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. ૧૭મી મેના રોજ ભિવંડી પોલીસને આ ડુપ્લીકેટ મસાલા આવવાના સમાચાર મળ્યા હતા. માહિતીના આધારે પોલીસે ડુપ્લીકેટ મસાલા સાથે બે લોકોની ધરપકડ કરી હતી.શાંતિનગર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ અધિકારી વિનાયક ગાયકવાડે જણાવ્યું હતું કે આ મસાલાના વેપાર અંગે એવરેસ્ટ કંપની વતી કેસ નોંધવામાં આવ્યો હતો. કહેવામાં આવ્યું હતું કે આ જ નામનો ઉપયોગ કરીને અને પેકિંગ કરીને એવરેસ્ટના નામે ડુપ્લીકેટ મસાલા બજારમાં વેચવામાં આવી રહ્યા છે. આ અંગે કાર્યવાહી કરતા બે લોકો ડુપ્લીકેટ મસાલા સાથે ઝડપાયા હતા.આરોપીની ધરપકડ બાદ આ કેસમાં ઉંડાણપૂર્વકની તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ નકલી અને ડુપ્લીકેટ બ્રાન્ડેડ મસાલા બનાવવાની કડી સુરત સ્થિત ફેક્ટરી સાથે જોડાયેલી છે.

### સીબીઆઈએ હાઈકોર્ટને જણાવ્યું કે

# કે કવિતા વિરુદ્ધ જૂનમાં ચાર્જશીટ દાખલ કરાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

એક્સાઈઝ પોલિસી અને તેના કવર હેઠળ મની લોન્ડરિંગના કેસમાં, સીબીઆઈએ દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે કે કવિતા વિરુદ્ધ જૂનના પ્રથમ સપ્તાહમાં પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવશે, જે દિલ્હી લિકર પોલિસી કૌભાંડના આરોપીઓમાંના એક છે. આ પહેલા પણ ED કવિતા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે.સીબીઆઈએ દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસના આરોપી અરુણ રામચંદ્ર પિલ્લઈની અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટને આ વાત કહી. આરોપી અરુણ રામચંદ્ર પિલ્લઈએ આ અરજી દાખલ કરી છે અને હાઈકોર્ટમાં



આરોપ ઘડવા અંગે ચર્ચા શરૂ કરવાના નીચલી કોર્ટના નિર્ણયને પડકાર્યો છે.પિલ્લઈનું કહેવું છે કે જ્યાં સુધી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી આરોપો પર ચર્ચા શરૂ થઈ શકે નહીં. એફઆઈઆર નોંધાયાને 15 મહિનાથી વધુ સમય વીતી જવા છતાં તપાસ પૂર્ણ થઈ નથી. કાર્યવાહીને ઝડપી સુનાવણીના નામે આરોપીઓ સામે પક્ષપાત અને ભેદભાવ કરવાની મંજૂરી આપી શકાતી નથી.

### સંસદની સુરક્ષા ક્ષતિનો મામલો

# કોર્ટે દિલ્હી પોલીસને તપાસ માટે વધુ ૧૩ દિવસનો સમય આપ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હીની એક કોર્ટે શુક્રવારે દિલ્હી પોલીસને સંસદ સુરક્ષા ભંગ કેસમાં તેની અરજી પૂર્ણ કરવા માટે વધુ સમય આપ્યો છે. એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરે પોલીસને અરજી પર વધુ ૧૩ દિવસનો સમય આપ્યો હતો કારણ કે કેટલાક રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી અને ડિજિટલ ડેટા ઘણો મોટો હતો. પોલીસે ન્યાયાધીશને તપાસ પૂર્ણ કરવા માટે વધુ ત્રણ મહિનાનો સમય આપવા વિનંતી કરી હતી.તમને જણાવી દઈએ કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર આતંકવાદી હુમલાની વરસી પર સુરક્ષામાં મોટી ખામી જોવા મળી હતી. આરોપી સાગર શર્મા અને મનોરંજન ડી ઝીરો અવર દરમિયાન સંસદની ગેલેરીમાંથી લોકસભાની ચેમ્બરમાં કૂદી પડ્યા હતા, રંગબેરંગી ધુમાડાના કેન છોડીને સૂત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં તેને સુરક્ષાકમીઓએ પકડી લીધો હતો. તે જ સમયે, અન્ય બે આરોપીઓ, શિંદે અને આઝાદે પણ સંસદ સંકુલની બહાર ''સરમુખત્યારશાહી નહીં ચાલે'' ની બૂમો પાડતા ધુમાડાના કેનનો ઉપયોગ કર્યો હતો. લોકસભા અને રાજ્યસભાની પોતાની ડાયરેક્ટર સુરક્ષા વ્યવસ્થા છે. મુલાકાતી પાસ માટે, લોકસભા સચિવાલયના ફોર્મ પર સાંસદની ભલામણ સહી જરૂરી છે.

### 'ઈઝરાયલે રફાહ પર હુમલો બંધ કરવો જોઈએ'

# પેલેસ્ટાઈનીઓ પર દુષ્કાળના ભય વચ્ચે ICJનો મહત્વનો નિર્ણય લેવાયો

## યુએનની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ શુક્રવારે ઇઝરાયેલને દક્ષિણ ગાઝા શહેર રફાહ પર તેના લશ્કરી હુમલાને રોકવાનો આદેશ આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

યુએનની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ શુક્રવારે ઈઝરાયેલને દક્ષિણ ગાઝા શહેર રફાહ પર તેના લશ્કરી હુમલાને રોકવાનો આદેશ આપ્યો હતો. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસે એક નિર્ણયમાં કહ્યું કે, 'માર્ચમાં કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલા કામચલાઉ પગલાં હવે સંપૂર્ણ રીતે ઘેરાયેલા પેલેસ્ટિનિયન પ્રદેશની સ્થિતિ માટે પૂરતા નથી અને પરિસ્થિતિ હવે નવા ઈમરજન્સી ઓર્ડરની વોરંટ આપે છે.'કોર્ટે કહ્યું કે ઈઝરાયલ તરત જ રફાહમાં તેના સૈન્ય હુમલાને રોકે. અદાલતે ઈઝરાયેલને રફાહમાં તેના આક્રમણને રોકવાનો આદેશ આપ્યો અને દક્ષિણ આફ્રિકાની વિનંતીને ટેકો આપ્યો, પ્રિટોરિયાએ ઈઝરાયેલના નરસંહારના આરોપોના ઉકેલ માટે બોલાવ્યાના એક અઠવાડિયા પછી.ઈઝરાયેલે આ કેસમાં નરસંહારના આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા હતા અને કોર્ટને કહ્યું હતું કે ગાઝામાં તેની કામગીરી સ્વરક્ષણ છે અને ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર હુમલો કરનાર



હમાસના આતંકવાદીઓને નિશાન બનાવે છે. ઈઝરાયલ સરકારના પ્રવક્તાએ કહ્યું કે 'દુનિયાની કોઈ શક્તિ ઈઝરાયેલને તેના નાગરિકોની સુરક્ષા અને ગાઝામાં હમાસને નિશાન બનાવવાથી રોકી શકે નહીં.' ઈઝરાયેલે આ મહિને દક્ષિણી શહેર રફાહ પર હુમલો કર્યો, હજારો પેલેસ્ટિનિયનોને શહેર છોડીને ભાગી જવાની ફરજ પડી.ગાઝાના દક્ષિણ કિનારે આવેલું રફાહ શહેર પણ સહાય માટે મુખ્ય માર્ગ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું કહેવું છે કે ઈઝરાયેલની કાર્યવાહીએ આ વિસ્તારને અલગ કરી દીધો છે, જેનાથી દુષ્કાળનું જોખમ વધી ગયું છે.ગયા અઠવાડિયે, દક્ષિણ આફ્રિકાના વકીલોએ ઝત્નને કટોકટીનાં પગલાં લાદવા વિનંતી કરી હતી, અને કહ્યું હતું કે પેલેસ્ટિનિયન લોકોના અસ્તિત્વને બચાવવા માટે રફાહ પર ઈઝરાયેલના હુમલા બંધ કરવા જોઈએ.ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ એ બે દેશો વચ્ચેના વિવાદોની સુનાવણી માટે સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ સંસ્થા છે. તેના નિર્ણયો અંતિમ અને બંધનકર્તા છે પરંતુ ભૂતકાળમાં તેની અવગણના કરવામાં આવી છે. કોર્ટ પાસે અમલીકરણની સત્તા નથી. ઈઝરાયેલ વિરુદ્ધના નિર્ણયથી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સરકાર પર રાજદ્વારી દબાણ વધી શકે છે.ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુની ધરપકડ માટે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પાસે ધરપકડ વોરંટની માંગણી કરવામાં આવી છે. આનાથી નારાજ નેતન્યાહુએ કહ્યું કે તેઓ લોકતાંત્રિક ઈઝરાયલની હમાસના સામૂહિક હત્યારાઓ સાથે સરખામણી કરવાનો સખત વિરોધ કરે છે. તેણે પોતાની ધરપકડની માંગને ઈઝરાયેલની સેના અને સમગ્ર ઈઝરાયેલ પર હુમલો ગણાવ્યો છે.

# કોલકાતામાં ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગુ કરાઈ

। (એજન્સી) કોલકાતા, તા.૨૫ ।

કોલકાતા પોલીસે શુક્રવારે કલમ ૧૪૪ લાદવાની જાહેરાત કરી હતી, જે હેઠળ ૨૮ મેથી ૬૦ દિવસ માટે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓની કોઈપણ ગેરકાયદેસર એસેમ્બલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીસને માહિતી મળી છે કે કોલકાતામાં હિંસક પ્રદર્શન થવાની સંભાવના છે જેના પરિણામે જાહેર શાંતિમાં ખલેલ પડી શકે છે.કોલકાતામાં બે મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પોલીસ કમિશનરના આદેશ પર કોલકાતામાં ૨૮ મેથી ૨૬ જુલાઈ સુધી કલમ ૧૪૪ લાગુ રહેશે. હિંસક પ્રદર્શન




અને મોટા પાયે જાહેર શાંતિ ભંગ થવાની સંભાવનાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ કમિશનર વિનીત કુમાર ગોયલે જારી કરેલા આદેશમાં આ માહિતી આપવામાં આવી છે.વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે, કોલકાતા પોલીસ કમિશનરે શહેરમાં ૨૮ મે ૨૦૨૪ થી ૨૬ જુલાઈ ૨૦૨૪ સુધી અથવા આગળના આદેશો સુધી ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગુ કરી છે.માર્ચની શરૂઆતમાં, ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કર્યા પછી તરત જ પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા ફાટી નીકળી હતી. રાજ્યના બે ભાગોમાં હિંસાના બે અલગ-અલગ કેસ નોંધાયા છે. પાંડબેશ્વરમાં ટીએમસી કાર્યકર્તાઓએ બીજેપી કાર્યકરની દુકાનને કથિત રીતે આગ લગાવી દીધી હતી. બીજા કિસ્સામાં, નાદિયા જિલ્લાના કૃષ્ણનગરમાં ટીએમસી નેતાના ઘર પર બોમ્બ હુમલો કરવામાં આવ્યો હતો.

# મુસ્લિમોને ઓબીસી અનામત આપવાની સમીક્ષા કરશે બે રાજ્ય



। (એજન્સી) જયપુર, તા.૨૫ ।

આ વખતની લોકસભા ચૂંટણીમાં ઓબીસી કોટા અંતર્ગત મુસ્લિમને આપવામાં આવતા અનામતના નિર્ણયને લઈને ભારતીય જનતા પાર્ટી પ્રમુખતાથી આ મુદ્દો ઝડપી લીધો છે. ભાજપના કેટલાય સ્ટાર પ્રચારક ચૂંટણી રેલીમાં ઓબીસી કોટાથી મુસ્લિમોને અનામત આપવા વિરુદ્ધ નિવેદન આપી ચુક્યા છે. આ દરમ્યાન હવે ઉત્તર પ્રદેશની યોગી સરકાર અને રાજસ્થાનની ભજનલાલ સરકારે મુસ્લિમોને ઓબીસી અનામતને લઈને મોટા નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકાર મુસ્લિમોને ઓબીસી કોટામાં આપવામાં આવેલા અનામતની સમીક્ષા કરશે. આ બાજુ રાજસ્થાનમાં પણ ઓબીસી કોટામાં મુસ્લિમોની ૧૪ જાતિઓને અનામત પર રાજ્ય સરકાર ચાર જૂન બાદ સમીક્ષા વિચાર કરી શકે છે. જો કે, હાલમાં ઔપચારિક નિર્ણય લેવામાં આવ્યા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, યૂપીમાં યોગી સરકાર ઓબીસી કોટામાં મુસલમાનોને આપવામાં આવેતા અનામતની સમીક્ષા કરી શકે છે. આ કવાયત અંતર્ગત એ જાણી શકાશે કે મુસલમાનોને આખરે ક્યા નિયમ-વ્યવસ્થા અંતર્ગત ઓબીસી કોટામાં અનામત આપવામાં આવી રહ્યું છે. આપને જણાવી દઈએ કે, બે ડઝનથી વધારે મુસ્લિમ જાતિઓને યૂપીમાં ઓબીસી કોટામા અનામત મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સપા સરકારમાં આ નિયમ બનાવ્યા હતા. હવે યોગી સરકાર તપાસ કરશે કે અનામત આપવાનો આધાર શું છે. અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે, રિઝર્વેશનને ઝીણવટપૂર્વક જોવામાં આવે. અનામતનો લાભ લેનારાની જાણકારી એકઠી કરવામાં આવે, જે બાદ સીએમ યોગીની સામે રિપોર્ટ રજૂ કરવામાં આવશે. તો વળી યોગી સરકારના આ નિર્ણય પર સમાજવાદી અને કોંગ્રેસ ભાજપ પર હિન્દુ મુસલમાનની રાજનીતિ કરવાનો આરોપ લગાવી રહી છે.

### ભારત મોકલી શકે છે ચાર વાઘ

# નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં કંબોડિયાના જંગલોમાં ગર્જના કરશે ભારતીય વાઘ

## ભારતે નવેમ્બર ૨૦૨૨માં વિશ્વના પ્રથમ આંતરરાષ્ટ્રીય વાઘ પુનઃપ્રવેશ પ્રોજેક્ટ માટે કંબોડિયા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

કંબોડિયાના જંગલોમાં વાઘને ફરીથી દાખલ કરવામાં મદદ કરવા માટે ભારત નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં ચાર વાઘ મોકલી શકે છે. સૂત્રોએ શુક્રવારે આ જાણકારી આપી. ભારતે નવેમ્બર ૨૦૨૨ માં વિશ્વના પ્રથમ આંતરરાષ્ટ્રીય વાઘ પુનઃપ્રવેશ પ્રોજેક્ટ માટે કંબોડિયા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.કંબોડિયાના નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીના અધિકારીઓ અને કંબોડિયામાં



ભારતીય રાજદૂત દેવયાની ખોબ્રાગડેએ થોડા દિવસો પહેલા એક ઓનલાઈન મીટિંગમાં ભાગ લીધો હતો અને નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં ચાર વાઘ કંબોડિયા મોકલવાના પ્રસ્તાવ પર ચર્ચા કરી હતી. જોકે, એક સૂત્રએ જણાવ્યું કે આખરી નિર્ણય લેવાનો બાકી છે.એનટીસીએના સભ્ય સચિવ ગોવિંદ સાગર ભારદ્વાજે ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું કે, 'પ્રસ્તાવને લઈને કંબોડિયન સત્તાવાળાઓ સાથે સતત વાતચીત ચાલી રહી છે. એનટીસીએએ તેમને વિગતવાર એક્શન પ્લાન મોકલવા વિનંતી કરી છે. તેની તપાસ કરીને ટેકનિકલ કમિટી સમક્ષ મૂકવામાં આવશે. તેમણે કહ્યું કે ટેકનિકલ કમિટીની ભલામણોના આધારે ઓથોરિટી દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# ૫૦૦૦થી વધુ લોકો પેટીએમમાં ગુમાવી શકે છે નોકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પેટીએમની પેરેન્ટ કંપની વન ૯૭ કોમ્યુનિકેનશન ઓપરેશન કોસ્ટમાં ઘટાડો કરવાના હેતુથી ૧૫ થી ૨૦ ટકા કર્મચારીઓની સંખ્યા ઘટાડી શકે છે. જેના કારણે આશરે ૫૦૦૦ થી ૬૩૦૦ કર્મચારીઓની નોકરી પર અસર પડી શકે છે. આ અહેવાલ સામે આવ્યા બાદ કંપનીના શેરમાં ૪ ટકાનો કડાકો બોલ્યો હતો. હાલ કંપનીનો શેર ૩૪૦ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના એક રિપોર્ટ અનુસાર, એવું કહેવામાં આવ્યું છે કે કંપની તેના કર્મચારીઓની સંખ્યામાં લગભગ ૧૫-૨૦ ટકાનો ઘટાડો કરી શકે છે. તેની વધતી જતી ખોટને સંચાલિત કરવા માટે, One97 કોમ્યુનિકેશન્સ તેના કર્મચારીઓની સંખ્યા ૫,૦૦૦-૬,૩૦૦થી ઘટાડીને રૂ. ૪૦૦-૫૦૦ કરોડ બચાવવાનું લક્ષ્ય ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ માં, કંપની પાસે તેના પગારપત્રક પર સરેરાશ ૩૨,૭૯૮ કર્મચારીઓ હતા, જેમાંથી ૨૯,૫૦૩ સક્રિય રીતે કામ કરી રહ્યા હતા.

### ડોમ્બિવલી બ્લાસ્ટમાં પત્નીનો જીવ ગયો

# પતિએ વીંટી અને મંગળસૂત્રથી પત્નીની લાશની ઓળખ કરી

## આ વિસ્ફોટ પછી ઘણા પરિવારોમાં શોક છવાઈ ગયો હતો અને તેમાંથી એક ખાનવિલકર પરિવારનો પણ સમાવેશ થાય છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રના ડોમ્બિવલી MIDCની એક કંપનીમાં ગુરુવારે બપોરે જોરદાર રિએક્ટરમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ઘણા કર્મચારીઓના જીવ ગયા હતા. રિદ્ધિ અમિત ખાનવિલકર નામની મહિલા કર્મચારીનું પણ મોત થયું હતું. આ વિસ્ફોટને કારણે ઘણા પરિવારો નાશ પામ્યા હતા, તેમાંથી એક ખાનવિલકર પરિવાર છે. અમિત ખાનવિલકર પાલઘરમાં પેથોલોજી ક્લિનિકમાં



કામ કરે છે, જ્યારે રિદ્ધિ ડોમ્બીલી MIDC કંપનીમાં કામ કરે છે. ડોમ્બિવલીની રામચંદ્ર નગર નવમૌલી સોસાયટીમાં રહેતો ખુશખુશાલ ખાનવિલકર પરિવાર હવે શોકમાં ડૂબી ગયો છે. રજાના કારણે ગુરુવારે પતિ અમિત ઘરે હતો. પત્ની રિદ્ધિ કામ પર ગઈ હતી. હંમેશની જેમ, બધું સરળ રીતે શરૂ થયું, પરંતુ નિયતિ પાસે કંઈક બીજું હતું. લગભગ પોણા બે વાગ્યાની આસપાસ ડોમ્બિવલીની ગ્રાન્ટ કંપનીમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા. વિસ્ફોટનો પડઘો ખૂબ જ જોરદાર હતો. રિદ્ધિના પતિ અમિત ખાનવિલકરને પણ ખબર પડી કે કંપનીમાં વિસ્ફોટ થયો છે.

### ન્યૂઝ બ્રિફ

## શહેરની હોસ્પિટલમાં બે નવજાત બાળકોના ગરમીથી મોત થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અતિશય ગરમીને લોકો હવે સહન નથી કરી શક્તાં નથી. આ કાળઝાળ ગરમીમાં લોકો માટે બહાર નીકળવું મુશ્કેલીભર્યું બન્યું છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના શહેરોમાં ભેશણ ઘરની પડી રહી છે જેના કારણે લોકોના સ્વાદ પર ખરાબ અસરો થઈ રહી છે ત્યારે અમદાવાદમાં ગરમીના કારણે બાળકની કિડની ફેલ થવાનો કિસ્સો સામે આવ્યો છે જ્યાં બાળકનું મોત થયું છે. રાજ્યની સાથે અમદાવાદમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. આ દરમિયાન અમદાવાદની શારદાબેન હોસ્પિટલમાં બે નવજાત બાળકોના ગરમીથી મોત થયા છે. ૧૦ દિવસ અને ૧૩ દિવસના બાળકોના મૃત્યુ થયા છે. વધુ ગરમીના કારણે કિડની ફેઈલ થઈ જતા બાળકોના મોત થયા છે. બંને બાળક અમદાવાદના હોવાનો સુપ્રિન્ટેન્ડેટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

## અકસ્માતમાં ત્રણ લોકોના મોત નિપજયા, સાત ઘાયલ

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

શુક્રવારે વહેલી સવારે ગુજરાતના સુરત જિલ્લામાં શાકભાજી ભરેલી ટ્રક પલટી જતાં ત્રણ મજૂરોના મોત થયા હતા અને સાત ઘાયલ થયા હતા, પોલીસે જણાવ્યું. એક અધિકારીએ જણાવ્યું કે, આ અકસ્માત નેશનલ હાઈવે ૫૩ પર બારડોલીના કિકવડ ગામ પાસે થયો હતો. બારડોલી ગ્રામીણ પોલીસના ઈન્સ્પેક્ટર ડી આર વસાવાએ જણાવ્યું હતું કે શાકભાજી વહન કરતી ટ્રક પડોશી મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સટાણા શહેરથી સુરત શહેર તરફ જઈ રહી હતી. 'ટ્રક ડ્રાઈવર, સુરેશ પવાર, તે ઝડપે હતો કારણ કે તે જે માલનું પરિવહન કરી રહ્યો હતો તેના સારા ભાવ મેળવવા માટે તે સૂર્યોદય પહેલાં સુરત પહોંચવા માંગતો હતો. ટ્રક રોડ પરથી ઉતરી ગઈ હતી અને વહેલી સવારે કીકવડ નજીક પલટી ગઈ હતી. બોર્ડ પરના દસ મજૂરોમાંથી, ત્રણના ઘટનાસ્થળે જ મોત થયા હતા, અને સાત ઘાયલ થયા હતા,' વસાવાએ જણાવ્યું હતું. મૃતકો પિન્ટુ પવાર (૪૦), ભાવસા માલી (૪૦) અને સોનુ પાટીલ (૩૫) નાસિક જિલ્લાના સતાના તાલુકાના રહેવાસી હતા.

### મોટા ભાગના મૃતકો ગોંડલના, તમામને રાજકોટ સિવિલ લવાયા

# રાજકોટના ગેમ ઝોનમાં ભીષણ આગ લાગતા ૨૪ લોકોના મોત

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટમાં નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ભીષણ આગની ઘટનામાં અત્યાર સુધી ૨૪ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ ગેમ ઝોનમાં આગ લાગતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી રહી છે. અહેવાલો પ્રમાણે, આ ઘટના પછી ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

આ દરમિયાન અનેક લોકોને બચાવી પણ લેવાયા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને કલેક્ટર ઘટના સ્થળે પહોંચ્યા હતા, જેમણે સમગ્ર ગેમ ઝોન બંધ કરવાનો આદેશ આપ્યો છે. ગેમ ઝોનની સફરે આવીને આગના કારણે મોતના મુખમાં ધકેલાઈ જનારા તમામ મૃતકો ગોંડલના હોવાનું કહેવાય છે. આ દરમિયાન કુલ ૨૪ મૃતદેહ રાજકોટ સિવિલમાં ખસેડાયા છે. પ્રત્યક્ષદર્શીઓના મતે અનેક મૃતદેહો રાખમાં ફેરવાઈ ગયા હતા, જ્યારે કેટલાકની તો ઓળખ પણ થઈ શકે એમ ન હતી. નાના મવા રોડ પરના ટીઆરપી ગેમ ઝોનમાં અચાનક આગ લાગી હતી. ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગ એટલી વિકરાળ હતી કે, પાંચ કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા. આ અંગે રાજકોટ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, 'પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.' આ ભીષણ આગમાં મૃતદેહો ઓળખાય નહીં એ હદે સળગી ગયા હતા. આ અંગે પોલીસ કમિશનરે કહ્યું હતું કે, ઘણાં મૃતદેહો બળી ગયેલા છે. હાલ કેટલાક મૃતદેહની ઓળખ પણ થઈ શકી નથી, પરંતુ અમે ડીએનએ ટેસ્ટ કરી મૃતદેહો ઓળખીશું. આગની ઘટનાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'X'પર પોસ્ટ કરીને લખ્યું 'રાજકોટમાં ગેમ ઝોનમાં સર્જાયેલી આગની દુર્ઘટનામાં તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી માટે મહા નગરપાલિકા અને વહીવટી તંત્રને સૂચના આપી છે. ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક સારવાર મળે તે માટેની વ્યવસ્થાઓને પ્રાથમિકતા આપવાની પણ સૂચના અપાઈ છે.'આ બનાવની જાણ થતાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમણે જાનહાનિની આશંકા વ્યક્ત કરતાં તમામ લોકો સલામત બહાર આવે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'અત્યારે પ્રાથમિક્તા આગ બૂઝાવવાની છે.

### મહિલાઓએ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું

## સુરતમાં મહિલાઓએ સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના પુણા ગામમાં સ્માર્ટ મીટરનો વિરોધ યથાવત છે. મહિલાઓએ નારેબાજી કરી વિરોધ નોંધાવ્યો હતો. સ્માર્ટ મીટર માટે પ્રતિબંધિત સોસાયટીમાં પરમિશન વગર દાખલ થવું નહીં તેવા પુણા વિસ્તારની સોસાયટીઓમાં બેનર લગાવવામાં આવ્યા છે. સ્માર્ટ મીટરને લઈ રણુજા ધામ સોસાયટીમાંથી મોટા પ્રમાણમાં વાંધા અરજી કરાઈ છે. વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર લગાવાવનું શરુ કરાયા બાદ સુરત સહિત રાજ્યના અનેક શહેરોમાંથી વિરોધનો સૂર ઊઠી રહ્યો છે. તેમાં પણ સુરતના પુણા વિસ્તારમાં સ્માર્ટ વીજ મીટર સામે આંદોલનના શ્રીગણેશ કર્યા હતા. તે વિસ્તારોમાં હવે બોયકોટ સ્માર્ટ મીટર અભિયાન આક્રમક બની રહ્યું છે. આજે પુણા વિસ્તારની અનેક સોસાયટીઓ બહાર સ્માર્ટ મીટર લગાવવા માટેનો પ્રતિબંધિત વિસ્તાર એવા લાગ્યા બેનર લાગ્યા છે. આ સાથે વિરોધ સાથે કહ્યું હતું કે પહેલા પોતે સ્માર્ટ બનો. પુણા વિસ્તારમાં સ્માર્ટ મીટર સામનો વિરોધ દિવસેને દિવસે આક્રમક બની રહ્યો છે. વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર અંગે અનેક ખુલાસાઓ કરવામાં આવી રહ્યાં છે પરંતુ વીજ કંપનીના ખુલાસો લોકોની સમજમાં આવતા નથી તેથી તેઓ મીટર નો વિરોધ કરી રહ્યાં છે. ગઈકાલે શહેરના વેસુ વિસ્તારમાં વીજ કંપની દ્વારા મીટર લગાવવાની કામગીરી કરવા ગયેલા સ્ટાફનો ઘેરો કર્યો હતો.

### અમલ ક્લુની મહિલા સશક્તિકરણ પુરસ્કારથી સન્માનિત કરાઇ

## યુપીની પિંક રિક્ષા ડ્રાઈવર આરતીને બ્રિટિશ રોયલ એવોર્ડ મળ્યો



। (એજન્સી) બહરાઈચ, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાના એક નાના ગામની ગુલાબી રિક્ષા ડ્રાઈવર આરતીને લંડનમાં યુકે રૉયલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. રાજા ચાર્લ્સ૦-III ને મળીને તે ખૂબ જ ખુશ છે. ૨ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, ડીએમ મોનિકા રાનીએ મહિલા સશક્તિકરણના હેતુ માટે રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ જિલ્લાની પાંચ મહિલાઓને ગુલાબી રિક્ષા આપી હતી.

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાની ૧૮ વર્ષની ગુલાબી ઈ-રિક્ષા ડ્રાઈવર આરતીએ ૨૨ મે ૨૦૨૪ના રોજ અમલ ક્લુની મહિલા સશક્તિકરણ એવોર્ડ જીત્યો. આ એવોર્ડ લંડનમાં પ્રિન્સ ટ્રસ્ટ એવોર્ડ્સમાં આપવામાંઆવ્યોહતો,જ્યાંઆર્ટીબકિંગહામ પેલેસમાં રાજા ચાર્લ્સ ને મળ્યા હતા. આર્ટીને લંડનમાં પ્રિન્સ ટ્રસ્ટ એવોર્ડ્સમાં વિશ્વ વિખ્યાત માનવાધિકાર બેરિસ્ટરના નામ પરથી અમાલ ક્લુની મહિલા સશક્તિકરણ પુરસ્કાર મળ્યો, જેના પગલે તેણે બુધવારે ૭૫ વર્ષીય રાજાને મળી. સરકારની પિંક ઈ-રિક્ષા પહેલ સાથેના તેમના કામ દ્વારા અન્ય યુવતીઓને પ્રેરણા આપવા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું, જે પરિવર્તન લાવવાના મિશન સાથે અન્ય મહિલાઓ માટે સુરક્ષિત પરિવહન પૂરી પાડે છે. આરતીએ કહ્યું, જ્યારે તે રાજા ચાર્લ્સ ત્રીજાને મળી એ તેની માટે એક અદ્ભુત અનુભવ હતો. તે ખૂબ જ સારા છે અને તેમણે મારા પરિવારને પણ નમસ્તે કહ્યું જ્યારે હું કહી રહી હતી કે માંને ઈ-રિક્ષા ચલાવવાનો કેટલો શોખ છે , જે પ્રદૂષિત ડીઝલ અથવા પેટ્રોલ પર ચાલતી નથી, પરંતુ જે હું દરરોજ રાત્રે ઘરે ચાર્જ કરું છું.

### પુનાની પોર્શે કાર અકસ્માતનો મામલો

## અકસ્માત કેસમાં હવે સગીરના દાદાની પણ ધરપકડ કરાઈ

। (એજન્સી) પુના, તા.૨૫ ।

પુનાનાં પોર્શે કાર અકસ્માત કેસમાં સગીર આરોપીના દાદા સુરેન્દ્ર અગ્રવાલની પુના પોલીસે ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સુરેન્દ્ર અગ્રવાલે ડ્રાઈવરને ધમાકાયો અને તેને ઘરે જવા દીધો નહોતો. ડ્રાઈવરે સુરેન્દ્ર અગ્રવાલની વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. જેના આધારે સુરેન્દ્ર અગ્રવાલ પર પણ કલમો લગાવવામાં આવશે. આઈપીસીની કલમ ૩૬૫, ૩૬૬ અને અન્ય કલમો અંતર્ગત કેસ નોંધવામાં આવશે. આના એક દિવસ પહેલા પુના પોલીસ પ્રમુખ અમિતેશ કુમારે કહ્યું હતું કે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે કાર ડ્રાઈવર ચલાવી રહ્યો નહોતો.

જોકે એક અન્ય અધિકારીએ કહ્યું કે અકસ્માત પછી સગીરના દાદા અને પિતાએ ડ્રાઈવરનો ફોન કથિત રીતે લઈ લીધો અને તેને ૧૯ મેથી ૨૦ મે સુધી તેના બંગલના પરિસરમાં બંધક બનાવીને રાખ્યો હતો. ડ્રાઈવરની પત્નીએ તેને છોડાવ્યો હતો. આ પહેલા સગીર આરોપીને કોર્ટે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો. સગીર રિયલ એસ્ટેટ ડેવલોપર વિશાલ અગ્રવાલનો પુત્ર છે. પોલીસે પહેલા જ વિશાલ અગ્રવાલની ધરપકડ કરી ચુકી છે. તેને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો. પુનાના કલ્યાણી નગરમાં ૧૯ મેના રોજ સગીરે તેની પોર્શે કારથી મોટરસાઈકલ સવાર બે સોફ્ટવેર એન્જિનિયરને ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં બંનેના મોત થઈ ગયા હતા. પોલીસે દાવો કર્યો છે કે સગીર નશાની સ્થિતિમાં કાર ચલાવી રહ્યો હતો. જોકે પછી સગીરને જામીન મળી ગયા હતા. તે પછીથી સમગ્ર દેશમાં આ મામલાની ચર્ચા શરૂ થઈ ગઈ અને પોલીસની ખૂબ જ નીંદા થઈ. તે પછીથી પોલીસે નવેસરથી કાર્યવાહી શરૂ કરી.

### મતદાન વચ્ચે ભાજપને ઝટકો

## હરિયાણામાં ટેકો આપનારા અપક્ષ ધારાસભ્યનું હાર્ટએટેકથી નિધન

### હરિયાણાનાં ધારાસભ્ય રાકેશ દૌલતાબાદનું નિધન

। (એજન્સી) ગુરુગ્રામ, તા.૨૫ ।

લોકસભા ચૂંટણીનાં છઠ્ઠા તબક્કામાં હરિયાણાની તમામ ૧૦ સંસદીય સીટો પર મતદાનની વચ્ચે ગુરુગ્રામના બાદશાહપુરના અપક્ષ ધારાસભ્ય રાકેશ દૌલતાબાદનું શનિવારે હાર્ટએટેકથી નિધન થયું છે. સવારે ૧૦.૩૦ વાગ્યે હાર્ટએટેક આવ્યા પછી તેમને પાલમ વિહાર સ્થિત મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો થોડીવાર ઉપચાર ચાલ્યો હતો.

જોકે અપક્ષ ધારાસભ્યનો જીવ બચ્યો નહોતો. રાકેશ દૌલતાબાદે ૨૦૧૯ની ચૂંટણીમાં બાદશાહપુર વિધાનસભા સીટથી અપક્ષ ઉમેદવાર તરીકે જીત પ્રાપ્ત કરી હતી. તે પછીથી તેમણે બીજેપી સરકારને સમર્થન કર્યું હતું. તેમણે બીજેપી ઉમેદવાર મનીષ યાદવને હરાવ્યા હતા. તેમની છબી એક સમાજ સેવક તરીકેની હતી. હરિયાણામાં તાજેતરના રાજકીય ઉથલપાથલ વચ્ચે પણ દૌલતાબાદના ધારાસભ્યો ભાજપને સમર્થન આપી રહ્યા હતા. ત્રણ અપક્ષ ધારાસભ્યોએ ભાજપ માંથી સમર્થન પાછું ખેંચી લીધું હતું, જેના કારણે નાયબ સિંહ સૈની સરકાર પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા હતા. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહે રાકેશ દૌલતાબાદના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પર તેણે લખ્યું તેમના અચાનક જવાથી હરિયાણાના રાજકારણમાં ખાલીપો સર્જાયો છે. ગુરુગ્રામ સંસદીય બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રાજ બબ્બરે પણ રાકેશ દૌલતાબાદના અકાળે અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, 'આઘાત અને અત્યંત દુ:ખદ. તેનો હસતો ચહેરો મારી નજરો પરથી ખસતો નથી. ગુડગાંવના બાદશાહપુરથી ધારાસભ્ય રાકેશ દૌલતાબાદના નિધનના સમાચારથી આઘાત લાગ્યો છે.

કુટુંબને કેવી રીતે પ્રોત્સાહિત કરવું? આ બધું અચાનક કેવી રીતે બન્યું? હું પ્રાર્થના કરું છું. ભગવાન પરિવારને શક્તિ આપે.રાકેશ દૌલતાબાદના મોતની માહિતી મળતાં જ જેજેપીના લોકસભા ઉમેદવાર રાહુલ ફાઝિલપુરિયા અને બીજેપી નેતા મુકેશ પહેલવાન પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય લોકદળની ટિકિટ પર બાદશાહપુરથી બે વખત વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા, પરંતુ બંને વખત હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેમણે હાર ન માની અને ત્રીજી વખત અપક્ષ તરીકે ચૂંટણી લડવાનું નક્કી કર્યું અને આ વખતે તેઓ જીત્યા. દિવંગત ધારાસભ્યને બે બાળકો છે. તેના નાના ભાઈનું બે વર્ષ પહેલા કોવિડથી મૃત્યુ થયું હતું.

# થાઈલેન્ડમાં નોકરીના બહાને ૨૦ ભારતીયોને મ્યાનમારમાં બનાવ્યા બંધક

### થાઈલેન્ડમાં નોકરી મેળવવાની આશાએ ગયેલા ૨૦ ભારતીયો મ્યાનમારમાં ગુલામ જેવું જીવન જીવવા મજબૂર

। (એજન્સી) મ્યાનમાર, તા. ૨૫ ।

થાઈલેન્ડમાં નોકરી મેળવવાની આશાએ ગયેલા ૨૦ ભારતીય નાગરિકો હવે મ્યાનમારમાં ગુલામ જેવું જીવન જીવવા મજબૂર બન્યા છે અને હવે તેઓ ભારત પાછા આવવા માંગે છે. તેઓ ત્યાંથી છુટવા માટે વિદેશ મંત્રાલય પાસેથી મદદ માંગી રહ્યા છે. તેમના પરિવારના કેટલાક સભ્યોએ મીડિયાને આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે તેઓએ કૈરાનાના ભાજપના સાંસદ પ્રદીપ ચૌધરીને આ મુદ્દે જાણ કરી છે અને વિદેશ મંત્રીને પત્ર પણ લખ્યો છે. એક કામદારે કથિત રીતે બે વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા છે. જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે મ્યાનમારમાં તેમની હાલત કેટલી ખરાબ થઈ ગઈ છે. વીડિયોમાં, એક માણસ કહી રહ્યો છે કે, "એક વ્યક્તિનું મૃત્યુ થયું છે અને એક છોકરીને માથામાં ગંભીર ઈજાઓ થઈ છે, વધુમાં તે કહી રહ્યો છે કે, 'અમને દુબઈના એજન્ટોએ લાલચ આપી હતી અને હવે તેઓને મ્યાનમાર બંધક બનાવીને રાખી રહ્યા છે.

અહીં તેમનું રોજ ખરાબ રીતે શોષણ કરવામાં આવી રહ્યું છે.' માહિતી અનુસાર, ૨૦ ભારતીયોમાંથી એક કુલદીપે ૮૩ સેકન્ડના વીડિયોમાં કહ્યું, "અમારા પ રિવારજનોએ વિદેશ મંત્રાલયનો સંપર્ક કર્યો છે, પરંતુ અમારા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હોવા છતાં હજુ સુધી કોઈ મદદ મળી નથી. અહીં એક વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું છે, અને તેમની સાથે એક છોકરી પણ છે જેને માર મારવાને કારણે માથામાં ઈજા થઈ છે. વધુમાં કુલદીપ કહી રહ્યો છે કે આ લોકો અમને અલગ કરી શકે છે, કાં તો અમને મારી પણ શકે છે અથવા અમારે કંઈક કડક પગલાં ભરવા પડશે.'અમને દિવસમાં ૧૮ કલાક કામ કરાવે છે અને માત્ર બે વાટકી ચોખા જમવામાં આપે છે. જો અમે કામ કરવાની ના પાડીએ તો અમને મારવામાં આવે છે અને સજા તરીકે અમને ૧૦ કિલોમીટર દોડવે પણ છે. અમે અમને બચાવવા માટે વિદેશ મંત્રાલયને ભારપૂર્વક વિનંતી કરીએ છીએ.' કુલદીપના ભાઈ રાહુલે જણાવ્યું કે, "કુલદીપે ગુપ્ત રીતે આ વીડિયો એક છુપાયેલા ફોનથી રેકોર્ડ કર્યો હતો. તે ૨૨ એપ્રિલે સહારનપુરથી નીકળ્યો હતો અને પછી દિલ્હીથી બેંગકોક ગયો હતો. ત્યાંથી તેને બોર્ડરથી થોડે દૂર મે સોટ એરપોર્ટ પર લઈ જવામાં આવ્યો હતો. તેઓને આંખે પાટા બાંધીને મ્યાનમારના જંગલમાં લઈ જવામાં આવ્યા છે અને ત્યારથી તેઓ ત્યાં ગુલામ જેવું જીવન જીવી રહ્યા છે.રાહુલે વધુમાં જણાવ્યું હતું કે, "મારા ભાઈને અન્ય લોકો સાથે જે વાહનોમાં લઈ જવામાં આવ્યો હતો તે વાહનને લગભગ ૫-૬ કલાક સુધી સતત ફેરવ્યા હતા, જેનાથી વાહનમાં બેઠેલા મારા ભાઈ તેમજ તેના સાથીઓને એવું લાગે કે તેમને બંધક બનાવ્યા તેની જગ્યા એરપોર્ટથી લગભગ સો કિલોમીટર દૂર છે. પરંતુ એવું નથી, આ માયાવાડી વિસ્તાર એરપોર્ટથી માત્ર ૫ કિમી દૂર આવેલો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN Channel Nine Network Gujarat
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN Channel Nine Network Gujarat
Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨